DNYAN DI

ज्ञान दीप

સ્ત્રી પુરૂસોનાં કૃત્ય

રચનાર તથા પ્રસિદ્ધ

અંબાશંકર કાળીદાસ

સ. ગુ. નિશાળના મેહેત

ગોઝારીયા તાબે વિજાપુર પ્રા

ગીતિવૃત.

જ્ઞાની જ્ઞાન ગ્રહિને, અજ્ઞાનોને તતિ
જ્ઞાનદીપ જો થાએ, તો તો સઘળાં તીમિર

અમદાવાદ

માણેકચોક આગળ કાગદીઓળની

રા૦ હીરાભાઈ પુંજાસાના મકાન

"અમદાવાદ ટાઈમ્સ પ્રેસ"માં

કાળીદાસ સાંકળચંદે છાપ્યો.

સંવત ૧૯૪૨ સને ૧૮૮

કીમત આઠ આના.

DNYAN DIPUK.

ज्ञान दीपक.

સ્ત્રી પુરૂષોનાં કૃત્યાકૃત્ય.

રચનાર

અંબાશંકર કાળીદાસ યાજ્ઞીક

સ. ગુ. નિશાળના મેહેતાજી

ગોઝારીયા તાબે વિજાપુર પ્રાંત કડી

ગીતિવૃત.

જ્ઞાની જ્ઞાન ગ્રહિને, અજ્ઞાનોને તર્ત હરે તનથી;
જ્ઞાનદીપજો થાએ, તોતો સઘળાં તીમિર ટળે મનથી.

અમદાવાદ

માણેકચોક આગળ કાગદીઓળની સામે
શા૦ હીરાભાઈ પુંજાસાના મકાનમાં
“અમદાવાદ ટાઈમ્સ પ્રેસ”માં

કાળીદાસ સાંકળચંદે છાપ્યો.

સંવત ૧૯૪૨ સને ૧૮૮૬

કીમત આઠ આના.

અર્પણપત્ર.

નામદાર કેસરીસીંગજી ભીમસીંગજી.

સંસ્થાન માણસાના ઠાકોર સાહેબ.

આપ નામદાર વિદ્યાવૃદ્ધીના કામને સારો આશ્રય આપો છો અને સુધારાનાં વૃક્ષનો વિસ્તાર થઈ તથી ઉત્પન્ન થતા મધુર ફળનો સ્વાદ આર્ય બંધુઓ ને બનો ત્વરાથી ચાખે એવી આપ ઇચ્છા રાખો છો, એમ જાણીને તથા સંસ્થાનનો કુલ અધિકાર સ્વહસ્તે લીધો તેવા માંગલીક પ્રસંગની ખુશાલી દાખલ આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

લી० શેવક.

પુ० કર્તા.

વાંચનારાઓને સુચના.

વસંત તિલકા વૃત.

આ જ્ઞાન દીપક જુઓ સૌ મિત્ર આજે,
મનમાં પ્રકાશ પ્રગટે વળી ભ્રાંત ભાજે;
અજ્ઞાન મિત્ર અવળા કરશે તમારા,
જો જ્ઞાન દીપક ભણો પ્રિય મિત્ર મારા. ૧

પ્રસ્તાવના અને આભાર પત્ર.

મારા ગુર્જર બંધુઓ ને બેનો આપની સ્વદેશ સેવા દાખલ હું એક અલ્પજ્ઞ મનુષ્ય પ્રાણી સ્વદેશના રસ કસથી ઉછરાએલો અને સ્વજન મિત્રોના સહવાસ માં દીન પ્રતીદીન રમત ગમત વડે કંઇ થોડી ઘણી કેળવણી પામીને ઉપરના નામવાળું પુસ્તક લખવાનું સાહસ માથે લેઉછું. અને તેમાં આપના પ્રત્યેનો મારો બંધુભાવ પ્રકાશમાં લાવવાની ઇચ્છા રાખુ છું. મિત્રો તે ઇચ્છા વડે હું મારી ફરજ, મારૂ કામ, અને મારો ધર્મ બરોબર રીતે બજાવી શકીશ એવી મને ખાત્રી થાયછે. માટે મારા ગુર્જર બંધુઓએ તેમના પ્રત્યેનો આ મારો બંધુભાવ માન્ય કરવો જોઇએ. હું આપને કાંઇ પુંજી કે દોલત તો આપી શકતો નથી પણ શીક્ષાપત્રી રૂપી જે જુજ ભેટ આપને અર્પણ કરૂ છું તે અંગીકાર કરશો,

મારી પરમ પ્રીય ગુર્જર બેનો પણ તેના ગરીબ ભાઇની આ ભેટ પોતાના સાસરવાસામાં માન્ય કરશે એવી આશા છે. મિત્રો! આપની પેહેલી સેવામાં મેં નીતિ ધર્મ દર્પણ નામનું પુસ્તક બહાર પાડ્યું હતું, તેનો યોગ્ય સત્કાર નીતિમાન અને વિદ્યાની કદર જાણનાર ગુણીજનોએ કર્યો છે, તેમનો હું આ ટાણે ઉપકાર માનવાને ચુકતો નથી. તેમજ ગાયકવાડી રાજ્યના કેળવણી ખાતાના મેહેરબાન ડીરેક્ટર સાહેબ બહાદુરે તેનો ઘટીત સત્કાર કરીને સારૂં ઉત્તેજન આપ્યું હતું તો તેઉ સાહેબનો પણ હું આ વખત મોટો ઉપકાર માનું છું. અને આશા રાખુ છું કે આ બીજી વારની મારી સ્વલ્પ શેવાને પણ કદરદાન જનો તરફથી યોગ્ય આશરો મળશે. એજ મારી મન કામના છે.

આ પુસ્તક છપાવવામાં મારા પરમ મિત્ર શામળદાસ બળદેવરામ તથા પરિખ બાપાલાલ વલ્લવદાસે કીમતી મદદ કીધી છે તો આ પ્રસંગે તેમનો હું આભાર માનું છું.

ગોઝારીયા
તા૦ ૧-૫-૯૬

લી૦ શેવક
અં. કા.

ઇશ્વર સ્તુતિ.

વસંત તિલકા વૃત.

સંતોષ રૂપ અવિનાશ, અચિંત દેવ,
વિશ્વેશ સ્રુપ શુભ, તારી કરૂં હું સેવ;
આરાધું હું અકળ નામ, પ્રભુ તમારૂં,
વારે ઘડી વિમળ ચિત, કરો અમારૂં. ૧
દો જ્ઞાન દાન સુખકાર, સદૈવ ઇશ,
આપો અપાર સદગુણ, વિભુ મહેશ;
કિલમિશ કાપી અમને, દુખથી બચાવો,
હે! વિશ્વનાથ પ્રભુ, કિંકર બાહુ સાહો.

संसार यंत्र.

વસંત તિલકાવૃત.

સંસાર યંત્ર નિર્વિઘ્નપણે નિભાવા,
લ્યો સાર શોધ જન સર્વ દુખો સમાવા;
શાંતિ ટળી મહદ્ જ્ઞાન મળે પ્રતાપી,
જો સાર યંત્ર સમજે મનથી કદાપી. ૧

આ માયીક પણ મોહીક જગતમાં ઈશ્વરે પ્રાણીઓના ઘણા સમુહ બનાવ્યા છે, અને તે સમુહમાં મુખ્યત્વે નરમાદાનું જોડુ પ્રાધાન્ય છે, અને તે થકીજ દુનિયાં નિરંતર ભરપુર વસ્તીવાળી જણાય છે, દરરોજ લાખો બલકે કરોડો પ્રાણીઓનો સંહાર થતે પણ જાણે તેટલીજ કાયમીપણે હયાત હોયની? એમ માલમ પડે છે એ સઘળું ઈશ્વરી અજાયબી ખેલની બલીહારીથીજ સમજવું. જેટલો સંહાર તેટલીજ ઉત્પત્તિ થાય છે એટલે હમેશાં એમ ભરડોળ થતાં દુનિયાં ઘણાક કાળ જતે પણ પુર હયાતી ભોગવે છે તો નર અને માદા એજ આ દુનીયાંની સંતતિનાં ઉત્પત્તિ બીજ કહીએ તો કાંઈ ખોટું નથી, પ્રાણીઓના ઘણા સમુહ પૈકી મનુષ સમુહ એજ આ અખિલ દુનિયાંના મજીત પણ મન

સાહીક સુખ ભોગવવાને શક્તિમાન છે, બીજાં પ્રાણી ઓ તો ફક્ત પોતાનાં અંગજ્ઞાનીક સુખો કુદરતી પ્રેરણા એ કરીને ભોગવે છે પણ તેનું ખરૂં હારદ સમજવાની તેમનામાં વિચાર શક્તિ હોય તેમ જણાતું નથી, તે સમુહ મનુષના સંસારીક સુખોનો સાહીક અને ઘણો ઉપયોગી છે મનુષ વરગમાં સંસારીક ખરા. સુખનું હારદ સમજવાની જે શક્તિ જણાવી તે શક્તિ તેમનામાં કેળવણી વગર દાખલ થઈ શકતી નથી, કેળવણીથીજ તેઓ પોતાનો ખરો ધર્મ સમજી શકે છે, કેળવણીથીજ તેઓ ઈશ્વરી નિયમને ઓળખી શકે છે અને કેળવણીથીજ તેઓ આ લોક અને પર લોકનાં અક્ષય સુખો ભોગવવાને પાત્ર થાય છે. જેનામાં કેળવણી નથી તે જન સમુહમાં નહીં પણ પશુ સમુહમાં ગણી શકાય; મારી આ સુચના દરેક પુરૂષ અને સ્ત્રી મીત્રે સમજી ગ્રહણ કરવા લાયક છે. એ કોઈ પણ સુભેચ્છક ના પાડશે નહીં. સંસાર યંત્રમાં સ્ત્રી પુરૂષ એ અરસ પરસ મદદગાર ચક્રો છે એ ચક્રોમાં એકના સભાવે બીજું ચાલી શકતું નથી અથવા તો એકની ખોડથી બીજાને ધોકો પહોંચે છે માટે સંસાર યંત્ર ચલવવામાં એ બંને ચક્રો સાબુત અને કાંઈ પણ ખોડ વગરનાં હોવાં જોઈએ. હવે જાણવું જે—હરેક કામ પ્રારંભે ખોડવાળું નજરે આવશે પરંતુ તેજ કામ ધીમે ધીમે સુધારવાથી સુધરશે અને ખોડ દુર થશે તેમજ સંસાર યંત્રનાં મનુષ ચક્રો પ્રારંભે કેટલીક અજ્ઞાનતાથી ખોડવાળાં હોય છે પરંતુ કેળવણી રૂપી પારસમણીના સ્પર્શથી તે અમુલ્ય ર

ન જેવાં નીવડી શકે છે અને એમ થાય તોજ સંસાર યંત્ર નીર્વિઘ્નપણે ન્ભી શકે, નહીં તો અટકણીયા ઘડિયાળની માફક થોડી મુદત ચાલીને પાછું અટકી પડે તે ફરી કોઇ સારા ઘડિયાળી પાસે દુરસ્ત કરાવીએ તોજ તેવુંચાલે, નહીંતો અટક્યું તે અટક્યુંજ તેમ થાય. સમજવાનો હેતુ—આપણે વિચાર કરીએ તો માલમ પડશે કે દુનિયાં યંત્રનો ચલાવનાર કોઇ ખેલાડી અદ્ભુત અને અનંત શકતીમાન છે. એ યંત્ર ચલાવવામાં તેનું ડાહપણ તેની ચતુરાઇ અને કળાનો કોઇ પાર પામી શકનાર નથી, તો પણ તેની આપેલી બુદ્ધિના અનુસારે એટલું તો સમજીએ કે જે યંત્રમાં આપણને ચક્રરૂપ સંકળનાએ તેણે બાંધ્યા છે. તે બાંધવનું કારણ કોઇ શુભ અને સુખકારક હોવું જોઇએ. તે કારણ તે એજ કે તેની અનંત શકતીને પીછાની ને તેને ઓળખવો, અને તેનો નિરમળ હેતુ સમજીને સન્મારગે ચાલવું. તથા જન સમુહ પ્રત્યેના અને બીજા પ્રાણી સમુહ પ્રત્યેના આપણા ધરમા સમજીને તે પ્રમાણે વરતવું. છેવટે આપણી જીંદગી રૂપી ઘડીયાળને તેની આપેલી કુદરત ગતી પુરી થએ, એટલે ગર્ણાવસરે આ ચળીત યંત્ર ઉપરથી ભાવના દૂર કરીને એક નિશ્ચળીત સુખ આપનાર અમર દશામાં પોતાનું ચીત પ્રેરવું. એટલે અક્ષય સુખ મળશે, જેને આપણા લોક મોક્ષ થયો એમ કહે છે, (તેજમાં તેજ બળી જાય છે અને પછી પૂનઃ જન્મ

નથી) શાસ્ત્રકારોએ મોક્ષનો ખરો અર્થ એજ કહયોછે. પછી ગમે તેમ હો, તોપણ એટલું તો ખરૂજ કે મોક્ષ નો સાધારણ અર્થ સદગતી થાયછે. તો જન્મ મરણથી રહીત થવું એ વીના બીજી શી સદ્ગતી છે? મતલબ કે એનાથી બીજી ઉત્તમ ગતી આપણા ખ્યાલમાં ઉતરી શકતી નથી. આપણે એ રીતી તો છેવટની જણાવી પરંતુ તે પહેલી દરેક મનુષ મિત્રે પોતાની જીંદગીમાં શું શું હાથ કરવું જોઇએ? તેના ઉત્તરમાં શાસ્ત્રાધારે ટુંકામાં કહીશું તો તે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ હેતુ હાથ કરવા જોઇએ. અને એ ત્રણહેતુ પાર.પાડવા માટે સત્સંગ, સુવિદ્યા તથા સુસ્ત્રીની જરૂર છે. સત્સંગ વડે સ્વધર્મ સચવાય છે, સુવિદ્યા શીખ્યાથી અર્થ સીદ્ધી થાય છે, અને સુસ્ત્રી મેળવ્યાથી કામ તપ્તી થતાં વ્યવહારીક કેટલાક લાભો પુરૂષ મીત્ર મેળવી શકે છે. એટલું જણાવતાં હવે મારા પ્રેમી બંધુઓને વ્યવહારમાં સ્ત્રી ની અગત્યના વિચાર જણાવું છું.

सुपात्र स्त्रीनी अगत्य.

અને તે સંબંધી વિચાર

વસંત તિલકા વૃત.

સંસારના સુખદ્ માર્ગ શોધવાને,

સંસારના ધરમ મારગ ધારવાને;
સંસારમાં પુરૂષ મિત્ર સુમિત્ર શોધો,
ધર્માર્થ કામ કરવા નિજ નારી બોધો. ૧
હે પ્રિય મિત્ર પુરશોત્તમ બોધ મારો,
સ્વિકારિને પરમ જ્ઞાન રૂડુ વધારો;
સંસારનો સુખદ મિત્ર, વિકાર પામે,
તો તો બધાં દુખદ વાદળ શિર જામે. ૨

સ્ત્રી આ એક પુરૂષનું બીજુ અંગ છે, તેને આ ઘણા શાસ્ત્રકારોએ પણ પુરૂષની અર્ધાંગના ગણેલી છે એટલે કે પુરૂષ અને સ્ત્રિ મળીને એક આખુ અંગ થાય છે એમ સમજવું. આ અસાર સંસારમાં પુરૂષને સ્ત્રિ એક સાર રૂપ છે, તેના વડે પુરૂષ પોતાનું હરેક ધાર્મિક કર્તવ્ય વગર અડચણે પુરૂ કરી શકે છે, તેના વડે તે તેજસ્વી છે, તેના વડે તેના ઘરનો વ્યવહાર નભી શકે છે, તેના વડે તે વેહેવારીઓ ગણાય છે. તેના વડે તેને હરેક આપતિ તણ વત્ લાગે છે, અને તેના વડેજ આ દુખમય દુનિયાં સુખમય અને શોભાવાળી માલમ પડે છે. ટુંકામાં કહીએ તો રામા તે રામાજછે. રામા વગરનું મંદિર ઉજડ અને સ્મશાન વત્ લાગે છે. રામા વગર બીજાં બધાં સુખ કેવળ નકી સરખાં માલમ પડશે. સ્ત્રિ વગર સંસારના હરેક લાભો મેળવવાને પુરૂષ એકલો શકિતમાન નથી અને સ્ત્રિ વગર સંતાન સુખની ઇચ્છા કદાપિ ફળે તેમ નથી. આપણે વિચાર કરીએતો

માલમ પડશે કે દુનિયાંમાં સ્ત્રિ પુરૂષો એક બીજાને સર ખાં અગત્યનાં છે. ઈશ્વરી નિયમ એવો છે કે સ્ત્રિ પુ રૂષને પોતાની જીંદગીમાં અન્યો અન્ય ખપ પડવાનોજ. ધારવા પ્રમાણે કોઈ એવો નથી કે આ ઇશ્વરી નિયમ થી વિરૂદ્ધ હોય! સૌકોની ઉત્પતી તેના થકીજ છે. નાને થી મોટા કરનાર પણ તેજ અને તરૂણાવસ્થામાં ના ના પ્રકારના સુખો આપનાર અને દુઃખમાં ભાગ લેનાર પણ તેજ છે, માટે સ્ત્રિ ગુણની વ્યાખ્યા કેહેતાં ઘણું લં બાણ કરવું તે કરતાં આટલેથીજ તેની અગત્ય આપણે સમજીશું. જુઓ! સ્ત્રીને માટે મોટા મોટા મહા પુરૂષો એ પણ કેટલા બધા જય વિજયના ટોપલા માથે વોહ રી લીધા છે, સિતાને માટે રામને રાવણનું નિકંદન ક રવું પડયું, દમયંતીને માટે બ્રહ્માદિ સરખાને પણ નળ નું રૂપ ધારણ કરવું પડયું. દ્રુપદાને માટે કરણ અને દુર્યોધન સરખાને પણ મચ્છવેધના સ્થંભથી ઢળી પડતાં લજીત થવું પડયું. રૂક્ષ્મણીને માટે પ્રતાપી શ્રીકૃષ્ણને તેનું હરણ કરવું પડયું, તેમજ આધુનિક કાળમાં ઘણા રજપુત અને મુસલમાની રાજ્યો તેથી પાયમાલ થયાં જાણ્યાં છે, એ સઘળાનો એકંદરે વિચાર કરીશું તો મા લમ પડશે કે સ્ત્રિ રૂપ મોહ પાસથી જકત સઘળું બં ધાએલું છે. જ્ઞાની કે અભણ, મુર્ખ કે પંડિત, રાજા કે રંક, જતિ કે સન્યાસી, પાદરી કે મુલ્લાંજી, વીગેરે સઘળા જનો તે પાસથી દુર થએલા જોઈશું નહી, આથી સ્પષ્ટ

સમજાશે કે સ્ત્રિરત્ન ઉત્પન કરવામાં શ્રુષ્ટી કરતા ઈશ્વરે તેની ખરી અગત્ય વિચારી હશે. કેટલાએક કામાંધ પુરૂષો તેની ખરી અગત્ય નહીં સમજતાં કુમાર્ગે ચડી જઈને અધર્મ આચરે છે, અને તેથી સ્ત્રિ રત્ન ઉત્પન્ન કરવાનો ઈશ્વરી નિર્મળ હેતુ લય પામી મુરખ જન અપરાધના દુઃખદવમળમાં ઘસડાય છે, અને છેવટે મરણને આધીન થાય છે એવા પુરૂષો જન્મ્યા તોય શું! ને મર્ણ પામ્યા તોય શું! તેના ગુજર્યા પછી કોઈ સજ્જન સદ્ભાવથી તેને યાદ કરતુ નથી કિંવા શોક ધરતું નથી, પણ ઉલટા ખુશી થાય છે, અને કહે છે જે સારૂ થયું જે એવા પાપી માણસનાં પગલાં આ પવિત્ર ભુમી પરથી દુર ખશ્યાં. તે જીવીને ફકત ભુગાને ભારે મારતો હતો, ફકત જીવીને પાપીઓની સંખ્યાનો વધારો કરતો હતો, ફકત જીવીને બીજાનાં પોષણ દ્વારનું નાહક રોકાણ કરતો હતો. તો પછી તેના જન્મ્યા કે જીવ્યાનું શું સાર્થક? તેનાથી બીજાને શો લાભ થવાનો હતો? અને તેનાથી બીજાનું શું કલ્યું કડાવાનું હતું? મતલબ કે તેવા જનો આ લોકમાં ધિક્કારને પાત્ર થઈ અંતે મોટા દુઃખના સાગરમાં ડુબવાનાજ. માટે દરેક પુરૂષ મિત્રે સ્ત્રિની ખરી અગત્ય સમજી અંતઃકરણ શુદ્ધ નિતિ પુર્વક તેની સાથે વર્તણુક રાખીને પરમાત્માનો પવિત્ર હેતુ પિછાનવો જોઈએ. આપણે આગળ વાંચી ગયા કે વ્યવહારમાં પુરૂષને સ્ત્રિની ઘણી અગત્ય છે. અને પુરૂષ

ના હરેક સુખ દુ:ખમાં તે સમભાગી છે ત્યારે તો સ્ત્રિનો દરજ્જો પુરૂષથી ઉતરે એમ નથી એ આપણે સ્પષ્ટ માનવુ જોઇએ પણ સ્ત્રિ મિત્ર કેવો જોઇએ એ બાબત દરેક તરફ દરેક પુરૂષ મિત્રે લક્ષ ખેંચવાનું છે. શું સ્ત્રિ મળી એટલે પુરૂષ હેતુ પાર પડયો? શં સ્ત્રી મળી એટલે પુરૂષનાં દારિદ્ર નાશ પામ્યાં? શું સ્ત્રિ મળી એટલે સંસાર બંધનથી મુકત થયા? અને શું સ્ત્રિ મળી એટલે સર્વ સુખ હાથ લાગ્યાં? ના જી ના, મળવા મળવામાંએ ફેર છે. સુધરેલ, સુપાત્ર, અને કુલીન સ્ત્રિ એજ પુરૂષનાં સદ્‌ભાગ્યનું બીજ છે. અને અજ્ઞાન, કુપાત્ર, અને અકુલીન સ્ત્રી, એજ પુરૂષનાં દુ:ભાગ્યનું બીજ છે, માટે સ્ત્રી મિત્ર એ અજ્ઞાન અને કુપાત્ર કદી જોઇએજ નહી. મિત્રતા તો જ્ઞાની અને સદ્પાત્રનીજ જોઇએ. કારણ હેતુથી સુખ પ્રાપ્તી થાય છે. એક સગાગમી સાધારણ મિત્ર પણ કુપાત્ર મળવાથી કેટલુંએક દુ:ખ અને વિટંબના વેઠવી પડે છે, તો જીંદગી પર્યંતનો સોબતી (સ્ત્રી) અભણ અને મુર્ખ મળવાથી જે સંકટ પડવાનું તેની તો કાંઇ સીમાજ નથી. આપણા પ્રાંતમાં અજ્ઞાન સ્ત્રી પુરૂષો આ માર્મિક હેતુનો પ્રથમથી કાંઇ વિચાર કરતાં હોય એમ જણાતું નથી, અને કરે છે તો તે અમલમાં લાવતાં નથી. તેથી ઘેર ઘેર અને ગામે ગામ સ્ત્રી પુરૂષોમાં પરસ્પર મળતા વર્ગ ઘણેક થોડે દરજ્જે દીઠામાં આવે છે. જ્યાં ત્યાં કુસંપ અને કકાસે ઘર કરેલાં દેખીશું. વિવેક સદ્‌વિદ્યા, અને સદાચરણ કવચિતજ

માલમ પડશે. અધર્મ, અનાચાર, અને અવિવેક, જાથુ પણે પ્રકાસે છે. વળી સ્ત્રી અને સ્વામી પ્રત્યેના પરસ્પર ના ધર્મનો લોપ થતો દ્રષ્ટીએ પડે છે. દુષ્ટ વ્યભિચાર, પોતાનાં અપવિત્ર પગલાં નિર્ભયપણે વધારતો જાય છે. તેથી આર્ય પ્રજા નિર્બળ અને ભ્રષ્ટ મતિવાળી નજરે આ વે છે. દિન પ્રતિદિન તેનું જોર વધતું જતાં, ઘણો અ ધર્મ થતો જોઇએ છીએ. એ સઘળું થવાનું મુખ્ય કાર ણ આપણા સ્ત્રી વર્ગની અજ્ઞાનતાનુંજ છે. જ્યાં સ્ત્રીઓ અભણ હોય ત્યાં જ્ઞાન પ્રકાશ પામતું નથી. જ્યાં સ્ત્રીઓ મૂર્ખ છે, ત્યાં સંતાન પણ મૂર્ખજ રહેવાનાં.અને જ્યાં સ્ત્રી ઓમાં ધર્મની કેળવણી નથી ત્યાં અધર્મ પોતાનો અમલ ચલાવવાનોજ. તો આપણે અહીં તેમ થાય તેમાં શું વ ધારે આશ્ચર્ય ધારી શકતો નથી. આપણો સ્ત્રી વર્ગ કેવળ અભણ છે, તેમનામાં નીતી ક્યાં છે? તેમનામાં રીતી ક્યાં છે? તેમનામાં કુદર્ત રચનાઓનું જ્ઞાન ક્યાં છે? તેમ નામાં ધર્મ અધર્મની ખુજ ક્યાં છે? ટુંકામાં કહીએ તો એકનું જ્ઞાન પણ નથી, સ્ત્રીઓને ઘણું જાણવાનું છે તે માં એક અલ્પ તે શું? કદાપિ કોઇ ઠોકર ખાઇને અનુ ભવી થયું તો તે એકનો શો હિસાબ? હાલના સ્ત્રી વર્ગનું જ્ઞાન માત્ર પશુવત કહીએ તો કાંઇ ખોટું નથી. આહા ર ને વિહાર, એતો પ્રાણી માત્ર કરે છે. તેમ તે મનામાં પણ છે. બાળક ઉછેરવાં એતો પશુ પક્ષી પણ અંગમાનીક રીતે ઉછેરે છે. તેમ તે પણ ઉ-

છેરે તો તેથી શું? બીજાં મોટાં અજ્ઞાન ગણાવું તો તે
તે નિચે મુજબ છે.—રોવા કુટવાનું, બીભસ્ત ગાણાં ગા
વાનું, નાજુક બનો પર પુરૂષથી હાસ્ય વિનોદ કરવાનું,
પોકળ લાજ ધરીને પતિને ઠગવાનું, જુઠું બોલવાનું, સા
હાસ કામ કરવાનું, મિથ્યા વ્હેમમાં ફસાઈ તનબળ અને
ન બળથી ક્ષીણ થવાનું, અતિ લોભીપણાથી પોતની
સંપત્તિનો વિચાર નહી કરતાં શ્રીમંતોની નકલ કરવાનું;
અછકલાપણું અને ગર્વ ધેરેલાપણું, આદી દુર્ગુણો તેમ
ના ઉપર પ્રબળપણે અમલ ચલાવે છે, અને તેથી કરીને
હાલની ઉછરતી તથા તરૂણ અબળાઓના મનો, વિચાર
કોઈ વિચીત્ર અને વિકારવાળા માલમ પડે છે. ઉછર
તી બાળાઓને સારી કેળવણી નથી, તેમ તેમની માતા
શિક્ષક કેવળ અજ્ઞાન હોય છે વળી તરૂણ અબળાઓને
તો ઘરનું ધુસરૂ વળગેલું હોય છે, તેથી તથા તેમનો
સંગ કુસંગ હોય છે, તેથી તેમના વિચાર સુધરવામાં એ
મોટું અંતરપડ આવી રહેલું છે. બાળાઓ નાની વય
થીજ ઘર સંસારની નીચ વાતો કરતાં શીખે છે. તે વા
તો તે ફકત અસ્વચ્છ, વ્યભિચાર દોષવાળીજ હોય છે. કો
ઈ પોતાના સાસુ સસરાની કુથલી, કે પોતાનો પતી
આવો કે તેવો. એવી એવી નજીવી ને હલકાઈની વા
તો પોતાની મુરખ સોબતણો જોડે કરતાં શરમ પામતી
નથી તેવી વાતોમાં વિવેક કે મર્યાદા સરખું કંઈ દીસ
તું નથી. સાસરે રહી સંતતી સુખ જલદી જોવાની તે

ઈર્ષ્યા રાખે છે. ફલાણી ગરભવંતી થઈને હું નહી! ફલાણી બે છોકરાંની મા થઈ ને હું નહી! એવા ઘેલા વિચારો કરીને બાધા આખડીઓ કે જપઅનુષ્ટાંન કરાવવા મંડી પડે છે. અથવા તો ધર્મભ્રષ્ટ થઈને પરપુરૂષથી જાર કર્મ કરે છે, મતલબકે ગમે તેમ કરીને પણ સંતાનવાળું થવું. સ્ત્રીઓની આવી નિષ્ઠુર મતિથી આપણને અને તેમને કેટલું નુકશાન છે, તેનો વિચાર સુસ્ત્રીએ કરવો અવશ્ય છે. પ્રાચિનકાળની સનારીઓનાં ચરિત્ર આપણા વાંચવામાં આવે છે. ત્યારે તો આપણને હાલની અબળાઓ ઉપર ધીક્કાર ઉપજ્યા વિના રહેતો નથી. રૂષિપત્નીઓનાં પતિવ્રત, અને ક્ષત્રાણીઓનાં ક્ષત્રીવટ, સાંભળીને સાનંદાશ્ચર્યથી આપણે ગળગળીત થયા વિના રહીશું નહી. શી તેઓની નિરમળ મતી? શાં તેમનાં મર્યાદિત કામ? શા તેમના સુક્ષ્મ વિચારો? શી તેમની સ્વામી પ્રત્યેની આધિનતા? શું તેમનું ડાહાપણ? અને શો તેમનો વિવેક? એ સઘળું હાલની નારીઓને દાખલો લેવા જોગ છે. પણ ભાઈ, જેમનાં અંતઃકરણ વ્હેમથી અને મેલથી ખરડાયલાં ભરપુર છે તેમને એવા સારા દાખલા લેતાં ઘણી વાર લાગવાની, તેતો પોતાના જેવોજ કોઈ બીજો સોબતી ખોળવા તત્પર રહેવાનાં. એક સદગુરૂના સતસંગ વગર તે કદાપી પોતાની માઠી ચાલથી દુરખસે એમ નથી. જેઓ રૂપ અને જરનેજ માત્ર આધીન છે તે નારી કદી પણ સંતાન

ણી થવાની નથી અને સલક્ષણી સ્ત્રી મેળવ્યા વગર પુરૂષ મિત્ર આ સંસારમાં આવી તે પોતાનો એષ્ટ હેતુ કદી પણ પાર પાડી શકનાર નથી.

अज्ञान स्त्रीओना रूप अने यौवन मदनी आधिनतानुं परिणाम.

ઘણુ ખરે ઠેકાણે અને તેમાં વિશેષે કરીને મોટા શેહેરોમાં નાનેથી મોટા કહેવાતા એવા શ્રીમંતોના ઘર ની કુળાંગનાઓ કેવિ રીતોએ વરતીને આ સંસાર સાગરમાં પોતાના ચક્ર રૂપ નાવને સરળ અને શીધો રસ્તો છોડીને વિકટ તથા વિઘ્ન નીપજાવનારા દુખદ રસ્તાએ ઘસડી લેઈ જાય છે. તે વિષેનું કાંઈક વરણ મારા પ્રેમી બધુંઓની સેવામાં મુકીને હું મારી ફરજ અદા કરૂ છું, —મિત્રો! નિતિનો માર્ગ ઘણો મોઘો તેમ તે રસ્તે ચડવું એ ઘણુ કઠીન છે એ વાત ખરી, કેમજે મનુષ્યના મલિન મનને તેની બહારની ઈંદ્રિઓ કુમારગે ચડાવવા અહોનિશ ઉસ્કેરવામાં કંઈપણ બાકી રાખતી નથી. પણ ની સજ્જનો કોઈ દિવસ તેની માઠી ઉસ્કેરણી તરફ વળી પોતાના દેહ રૂપ ચકને અધરમને ચીલે ચડવા દેતાં નથી. તે તો ફકત એક નિતીમાંજ તદરૂપ થઈને પોતી કાં મન ઈંદ્રિઓને પણ તેમાંજ તલ્લીન રહેવાની ભલા

મણુ કરે છે, તે રહે છે અને તે મુજબ વરતે છે, તે
વા નિતી નિપુણ જનોમાં રૂપ અને જરનો અહમ્મવ
કદી પણ દિસતો નથી. તેમ તે તેને આધિન પણ હોતા
નથી. કારણ કે તે બંને ચંચળ અને ચલિત છે, એમ તે
ઓ સમજે છે.—હાલ આપણા જન વરગમાં આ વિવે
કો સમજણ ઘણે થોડે ભાગે જોવામાં આવેછે, તેથી પ્ર
જાની નિતીમાં અને વ્યવહારીક રીતીઓમાં કેટલો બધો
બિગાડ થએલો છે અને થાય છે. તે બાબતનો વિચાર
વાંચનાર સજ્જનોના પવિત્ર અંતઃકરણમાં શેહેજ આવ
વશે.—"જર લુભતા"—આ સ્વાભાવિક સમજ દરેક વ
રગના માણસોમાં વસેલીજ હોય છે. કારણ કે મનુષ્ય
માત્રનો નિભાવ અને વ્યવહાર તેના ઉપરજ આધાર રા
ખે છે. રાજાનું રાજ્ય, અને ગરીબ ઘરનો ઘરાચાર એ
જર વડેજ ઘણી આબાદ સ્થિતીમાં નભી શકે છે. અ
ને એટલા માટેજ સુજ્ઞો પોતાની પેહેલી વીશીમાં વિદ્યા
સંપાદાન કરીને નીતિ નિપુણ થાય છે.

અને બીજી વીશીમાં એ નિતીએ યુકત ધન સં-
પાદાન કરે છે. અને એ નિતીએ યુકત ધન વડેજ ત્રી
જી વીશીમાં સત્કિર્તી સંપન્ન થઇને છેવટે મોક્ષને મેળ
વી શકે છે. (તેનો આત્મા નિવારણ પામે છે) એ ઉપ
ર કહેલા માર્ગ શિવાય જે માણસ વિદ્યા, સત્કિર્તી, અ
ને ધન મેળવવાની અકાળે ઇચ્છા કરે છે તેને તો ગા
ત્ર પસ્તાવાથીજ દગ્ધ થવાનું છે. એટલે કે "અકાળે

આંબા પાકતા નથી." કદાપી પાકે છે તો તથી થએલા ફળમાં કાળના જેવી મધુરતા હોતી નથી; માટે કાળ ખોવો એજ દુખ અને દરિદ્રતાનું મોટું દ્વાર છે. મનુષ્ય જન્મ પામીને જે પોતાની જીંદગી રૂપી કાળનો કુરૂપયોગ કરે છે તેમને આ સંસાર યંત્રનો બાહારનો દેખાવ ઘણો મોહીક હોય છે, તેઓ ક્ષણિક ઈંદ્રિય સુખને અનંત પિછાને છે, તેઓ એક મનનેજ માત્ર આધીન હોઈ મનને ગમતાં એવાં નિંદીત કરમો કરવાને પ્રવર્ત થાય છે. કારણ કે સદ્બુદ્ધિ રૂપી મનનાં ચક્ષુ નાશ પામવાથી તે નિસ્તેજ એટલે આંધળું થઈને આમ તેમ ભટકે છે. તેમજ ઈશ્વરની આજ્ઞાપણાથી તે કેવળ અજાણ હોય છે, તે તેના નાગને જાણે છે પણ તેના ભયની દરકાર ઓછી રાખે છે તેવાં જનો પોતાના મનમાં એમ સમજે છે કે આગળ જે થનાર હશે તે થશે. હાલતો જેટલું સુખ ભોગવાય તેટલું ભોગવીએ! "કોણે દીઠી છે કાલ!" મરી ગયા પછી જો ગમે તો ભીંત થાવ! તેમાં આપણે કાંઈ જોવું છે? અફસોસ! એ અમુલ્ય કહેવતોનો ઉલટો અર્થ પકડીને મુરખ માણસો પરમાત્માનો પવિત્ર કાયદો તોડે છે. અને હાથે કરીને મહાપાપના ઊંડા ધરામાં ભુસ્કો મારેછે. એ મહા પાપ તે મનની વ્યગ્રતા છે. અને મનની વ્યગ્રતામ ઈંદ્રિય સુખની અઘટીત ઈચ્છા, નાસ્તિકપણું, અધરમાં વડે દ્રવ્ય પેદા કરવાપણું, નિર્દયપણું, આળસાઈ, કે પરમાદિપણું, અવિદ્વતા, રૂપ અને જરકું મિ

ર્ષા અભિમાન વગેરે મલીન દુરગુણોનો સમાસ થાય છે. એ મનાની બાગ્રતા આપણા પ્રાંતના નારી વરગમાં કે ટલી અને કેવી રીત અમલ ચલાવેછે. તે આપણે જાણવું જોઇએ. કારણ કે યોગ્યાયોગ્ય આદતો તેમને પળાવવી કે છોડાવવી એ બાબતનું દીરઘાવલોકન કરવાનો પુરૂષ ગિરનો મુખ્ય ધર્મછે. "યૌવનના અને યૌવન મદ" આ બે વિષય ઉપરથી આપણે સ્ત્રીઓના સ્વાભાવિક અને હસ્તકૃત દોષો તપાસિશું. જુઓ યૌવન એ સ્વભાવિકછે, અને તે ક્રમે કરીને સઘળા માણસને પ્રાપ્ત થાય છે. બાળ અને જરા વસ્થા કરતાં તેની ખુબી કોઇ વિચીત્ર અને સભ્ય હોય છે. મનુષ્ય માત્રને આ દુનિઆંની મુસાફરીમાં જે કાંઇ હાંસ કરવું જોઇએ તે એજ અવસ્થામાં મેળવી શકાય છે. બાળક પોતાની બાળ અવસ્થામાં જે કેળવણી કે જ્ઞા ન ગ્રહણ કરેછે તેનુ ખરૂ રૂપક ખીલી પ્રકાસમાં આવ વાને. તેજ રૂડો વખત છે. માણસને સંતતી અને સંપ તિ સુખ મેળવવાનું પણ એજ ઉત્તમ સાધન છે. તેમજ મનુષ્ય જાતને રૂડાં કે ભુડાં કૃત્યોનો વારસો જે આ અ વસ્થામાં મળેછે. તે કદી પણ નાશ પામતો નથી. જે મા ણસ આ અવસ્થાને નિતી પુર્વક નિભાવી પોતાનાં કર્ત વ્ય કરે જાય છે, તેને ધન્ય છે. તનીજ કિર્તી અચળ છે, અને તેજ આ દુ:ખદ દુનિયાંમાં સુખદ ફળ મેળાવી કૃ તેહમંદ થયો એમ જાણવું. આ વર્તમાન સમયમાં આ પણા સ્ત્રી અને પુરૂષ વર્ગનો ઘણો ભાગ યૌવન મદથી

હુશીઆરી, અને રૂપ ગૌરવમાં ગર્વ થએલા જોઇએ છી એ. અને તેથી નિપજતા મહા ભારત પાપના ઢગલાથી આ પવિત્ર ભુમીને ભાઙ્કુ કલંક ચોટે છે. મુર્ખ માણસો "કળીયુગ" આવ્યો, એમ સમયનો વાંક કાઢીને પોતાનાં માઠાં આચરણો તજતા નથી, પર જોતાંતો તેમાં સગ યનો વાંક કાઢવો એજ મોટી મુર્ખાઇ છે. માણસ પોતા ના હાથે ઝેર ખાઇને રોગનો ભોગ થાય. એમાં વૈદ્યનો શો વાંક? તેમજ જે માણસો જાણી બુજીને પાપ કર્મમાં ફ સાય છે. તેમાં વખતનો શો દોષછે. વખત તેને કંઇ કે હેવા જતા નથી કે તું આમ કર પણ તેના જવાબમાં આ પણે એટલુંજ કહીશું કે "विनाशकाले विप्रित बुद्धी" જ્યારે કાંઇ પણ વિઘ્ન નીપજવાનું હોય ત્યારેજ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. સ્ત્રી વરગમાં ઘણે ભાગે પોતાના રૂપ અ ને યોવનનો કુઉપયોગ થાય છે એ બુદ્ધીની ભ્રષ્ટતાનાંજ લક્ષણ છે. જ્યારે એ સ્ત્રીમિત્રમાં એ અપલક્ષણનો ઉદય થાય છે, ત્યારે તેનોજ સોબતીજ જે પુરૂષ મિત્ર તેને પણ એ અપલક્ષણનો કાળો ડાઘ લાગ્યા વિના રહેતો ન- થી. અને તે પણ ભ્રષ્ટતાને પામે છે. વિમળ સ્ત્રીઓ પો તાના પઇણેત ધણીનો ત્યાગ કરીને બીજાને જાય છે. અને ધણી તેના ઉપર જુલમ કે અપિતી દેખાડે છે. એ શું ધરમનો લોપ નહીં? બ્રાહ્મણાદિ ઊંચ વરણની વિધવાઓ કે જેમના ધણીનો કાળ થયો છે એવી સ્ત્રી ઓ પઇકી કેટલીએક અન્ય પુરૂષ સાથે પાપમાં ફસાય

છે, કે જતી રહે છે. એ શું બુદ્ધિની ભ્રષ્ટતા નથી? સઉભાગ્યવંતીઓ કે જેમના પતિ હયાત હોય છે તેવા મોટા શ્રીમંતના ઘરની સ્ત્રીઓ પોતાના પતિ છતાં ઘરના એક હલકા ચાકરથી બદ કામ કરે છે. એ શું ઓછો અધરમ? વળી કુલટા સ્ત્રીઓ પતિ છતાં પોતાની કૂળ મરયાદા તજીને લુચ્ચા યારોની સોબતમાં ફસાઈ ઘોડા ગાડીની સેલોમાં ફરે છે એ શું મહા પાપ નથી? ઉત્તર કે એ સરવ ધરમથી ઉલટું અને મહા પાપનું કામ છે. જોવનના મદથી છકી ગએલાં સ્ત્રી પુરૂષો સઘળે અંધારૂજ ભાળે છે. તે સુર્યના પ્રોઢ પ્રકાશને અમાસની રાત્રી જેવો લેખે છે. મતલબ કે જેના અંતઃકરણમાં અંધારૂ છે. તેને બાહાર પણ અંધારૂજ છે. મોટાં શેહેરોમાં કે વધારે વસ્તિવાળા કસ્બામાં કેટલીએક ભ્રષ્ટ સ્ત્રીઓ પોતાના ઘરનો વાર્ષિક ખરચ, અને પોતાની પ્રજાનનાં લુગડાં ઘરેણાં, પણ પોતાની શરીર સંપત્તિના ભ્રષ્ટ ઉદ્યમથીજ કાડે છે. આપણે તેમના પુરૂષોને કેવળ ભડવાજ કહીએ તો કંઇ ખોટું નથી, કેમકે તેઓ તે બાબતમાં કેવળ આંખ આડા કાન કરીને ચલવે છે. અથવા તો ઉલટા ખુશી થાય છે. નર્મદા કિનારે અને બીજાં તિરથ સુધીનાં ગામોમાં આવો અધરમ ઘણે ભાગે જોવામાં આવે છે. વળિ નિરધન કે વચલા વાંધાના સ્ત્રી વરગમાં પણ ઘણે ખરે ઠેકાણે આ નીચ આદતે પોતાનો પગ પેસારા કરેલો હોય એમ જોવામાં આવે છે. તેમનું મલીન મન

શ્રીમંતાની સ્ત્રીઓની માફક સુંદર વસ્ત્રાલંકા પેહેરવાને લોભાય છે. અથવા તો પોતાના ગુજરાનને માટે એ મહા પાપમાં ફસાવું પડે છે. એમ જે થાય છે, એ પણ મનની વ્યગ્રતાનું પરિણામ જાણવું. ઉપરની બાબતો વાંચીને આપણે ઘણા દીલગીર થઇશું અને આશ્ચર્ય પામીશું કે જે કાળે આપણો સ્ત્રી વરગ પુરણ નિતીમાન હતો તે કાળમાં ને આજમાં કેટલો તફાવત છે. કેટલી જડતા છે. અને કેટલો અધરમ છે? તેનો વિચાર કરતાં તો આપણે ઘણા ખેદ, ઘણા અફસોસ, અને ઘણી દિલગીરીમાં દટાઇ જવાના. મિત્રો એવી સ્ત્રીઓના રૂપ યૌવન મદની આધિનતાથી આપણો વાહાલો એવો ધરમ નાશ પામે છે. આપણાં બાળ બચ્ચાને પણ તેમની નિચ સોબતે તેમના જેવા માઠા ગુણ શીખવે છે. નફટ પુરૂષો બાયલા, નબળા, ને કૌવતહિન થાય છે. તેમ સુધરેલ સ્ત્રી વરગમાં તેવો નાશકારી પવન ફેલાઇને તેમના સુવિચારને હાની પોહોચાડે છે. અજ્ઞાન અને કુપાત્ર જુવાનીયાઓ એ માઠી લતમાં પડી અને ખરાબીના ખાડામાં ઝંપલાય છે એ નીચ ટેવ એવી તો વસમી છે કે તે છોડતાં ઝટ છુટે તેમ નથી. જેને એ કુટેવ પડી હોય તેનાતો પુર્ણ ભોગ સમજવા. એ અંત કુટેવજ તેનો ભોગ લે છે. મતલબ કે તે માણસ તન, મન, ને ધનથી ખરાબ થઇ દુખદ દશાએ મર્ણને આધિન થાય છે. કહ્યું છે કે 'સો મણ જારમાં એક અંગારો' હોય તો તેની અસરથી એ

સો મણે જાર નકામી થાય છે. તેમ દેશની હાલત સુ ધારવામાં આ કાળે સઘળાં સાધન તઈયાર છે. પણ તે ખધાય શા કામનાં? જ્યાં સુધી અંગારા રૂપી યોવન મ દનો અઘટિત ઉપયોગ આપણા ઉપર અમલ ગલાવે છે. ત્યાં સુધી સુધારાનાં સાધાન કામ લાગે એમ નથી. આ પણામાં નિરધનતા, નિર્બળતા, અને નિરલજતા લાવના રો એ અંગારો જ્યાં સુધી આપણામાંથી અને આપણા સ્ત્રી વરગમાંથી દુર થયો નથી, ત્યાં સુધી આપણે પરાક્રમી, નીતીમાન અને ધનવાળા થવાના નથી. એ નક્કી માનવું. “કળીના લક્ષણ છે એ ટાળ્યાં ટળે નહીં” એમ ધારીને હા થ પગ જોડીને બેસી રહેવાથી કે ઠંડી નજરે જોઈ રેહેવા થી તો તે ઉધેઈ રૂપી જડતા કદી નાશ પામનારી નથી. એમ કરવાથી તો તે ઉત્તરોત્તર વધતિ જશે, અને આપણી વધારે ખરાબી કરશે. આજે આપણામાં જે રૂપીએ આ નાની સદાચરણ રહેલું છે તે પણ બીન દરકારે ખોઈ બેશીસું. અને તેમ થવાથી પાછા આપણે યુગનો વાંક કાઢીશું. તો એ આપણુ કહેવું સુજ્ઞો કદાપી કબુલ કર શે નહી. તે આપણને ધિક્કારશે, ગાળો દેશે, અને નિ રલજ ગણી આપણી અપકિર્તિ કરશે. એ શું આપણ ને ઓછી શરમ છે? જાણીએ અને સમજીએ તો ઘણી એ છે. માટે હજુ આપણા પુરૂષ અને સ્ત્રી વરગે બી જી બધી કેળવણી કરતાં નિતીની કેળવણીમાં વધારે મ વીણ થવું જોઈએ, તથા સરવ વરગના માણસો | મતે

ના એક બીજાના ધરમથી વાકેફ થવું ઘણું આગત્યનું છે. અને તેને માટે સારા વિદ્વાનોના હાથથી લખાએલાં ઉત્તમ પુસ્તકો ઘણી સારી ઢબ છપાવી જલદી બાહાર પડવાં જરૂર છે વળી ગામે ગામ અને ઠેકાણે ઠેકાણે સભાઓ સ્થાપીને તે બાબતની ચરચા ચલાવનાર ઉપદેશકોની ઘણી અગત્ય છે. સ્ત્રીઓને ધરમશાસ્ત્રની રૂઇથી અને વરતમાન સમય સુચક આચરણો પળાવવાનો એક નિયમ બાંધવો યોગ્ય છે. ઇશ્વર ભક્તિની આસ્તિકનાં ફળ જણાવી તથા તેની બીક હમેશાં રહે. એવા પ્રબંધો રચાવીને છોકરા અને છોડીઓની સાળાઓમાં તે ચલાવવા જોઇએ. કારણ કે તેવાં પુસ્તકોના સતત અભ્યાસથી જડ એવાં માણસોની બુદ્ધિ નિરમળ થાય છે. પાપ કરમથી તે ડરતાં રહે છે. અને સ્વધરમને ઓળખીને પાળી શકે છે. હાલની લુખી કેળવણીથી કન્યાઓનાં અંતઃકરણ સુધરવાને બદલે ઉલટાં બગડે છે. તેનું કારણજ નિતીની જેવી જોઇએ તેવી કેળવણીની અછત છે માટે તેમ તેમના શિક્ષકોનું લક્ષ તે બાબત તરફ જેટલું જોઇએ તેટલું હોતું નથી. તે તેમને કહેશે કે જાઓ, કાલે દશમો પાઠ કરી લાવજો. બિચારી નિરદોષ બાળાઓ તેના શિક્ષકના દુરલક્ષથીજ દોષ કરતાં શીખે છે. એટલે કે તેના શિક્ષકના પાઠ સમજાવીને આપવાના અખાડાને લીધેજ પોતીકા અભયાસના કામમાં ઓછું લક્ષ આપે છે. અને આખરે તેમનુ અલક્ષ મેળવે

લું જ્ઞાન અદરશ થઈ જાય છે. અને એકલા અક્ષર જ્ઞાનથી માઠું પરિણામ થાય છે. તે એ કે યૌવન મદવાળી તરૂણ સ્ત્રીઓ નકામાં અને નબળાં પુસ્તકો વાંચી વાંચીને અનીતિને રસ્તે ચડે છે. તેમનું લક્ષ સારાં નીતિનાં પુસ્તકો વાંચવામાં ઠરતું નથી. કારણ કે જેમનો સતત સમાગમ અનિતિનો હોય છે. તેમને સુનીતિ એ આંખના પાટા જેવી હોય છે. આપણે સાંભળીએ છીએ કે બાળાઓ નિશાળમાં ભણીને થોડીજ સારી નિવડે છે તેનું કારણ આપણે તપાશીશું તો માલમ પડશે કે તે બાળાઓનું જ્ઞાન અપુરણ રહેલું તેનું એજ પરિણામ છે. કહ્યું છે કે ॥ संपुर्ण कुंभो न करोति शब्दः॥ એટલે કે સંપુરણ જળનો ભરેલો ઘડો કદી અવાજ કરતો નથી તેમ જે જેણે બાબતનું સંપુરણ જ્ઞાન મેળવેલું છે તેને તે બાબતનો છલકાવવાનું રહેતુ નથી. એવીજ રીતે આપણી બાળાઓને જો નિશાળમાં પુરે પુરી નિતિની કેળવણી અપાતી હોય તો હાલ જેવું સાંભળીએ છીએ તેવું ખોટું પરિણામ કદી થાયજ નહી.

વસંત તિલકા વ્રત.

જે જ્ઞાનહિન જન તે રૂપ યૌવનોમાં,
આંધાં બની ગરવ ગાત્ર ભરે ભવોમાં;
તે ગરવ સરવ સુખ સંપતિને નસાડે,
દેહાદિન દુખદ સાગરમા વસાડે. 1

કુળવંત નાર મરિયાદથી બ્હાર આવે,
વારથાર ભ્રષ્ટ થઈ અન્યની સાથ હાલે;
એવો અધરંગ જગમાં જન આચરે છે,
ગરવાધિનો ફરજ ભ્રષ્ટ થઈ ફરે છે. ૨

સ્ત્રીના પતિ પ્રત્યેના ધર્મ.

આ સંસારમાં મનુષ્ય મિત્રને પોતાની જીંદગીનું ખરૂં સુખ તે પરસ્પરની પ્રીતીનુંજ છે તેમ સ્ત્રી પુરૂષનું વ્યવહારીક સુખ પણ તેમના સાચા સ્નેહપર આધાર રાખે છે તો લગ્ન થએલાં એવાં સ્ત્રી પુરૂષોએ જાણવું કે આપણે આ સંસારમાં જીંદગી સુખ મેળવવા જેની સાથે ધરમ શાસ્ત્રથી બંધાયાં છીએ, જેને આપણે પોતાનો ખરો મિત્ર ગણીને સેંકડો માણસની સાનિધ્ય તેનો પલ્લો પકડયો છે, (હાથ મેળવ્યો છે.) અને આપણાં મા બાપ ભાઈ ભાંડું વગેરે બચપણનાં સગાંની પ્રીતિ વિસારે પાડીને કોઈ જુદાજ હેતુ માટે મિત્ર સાથે જીંદગીના સંબંધની ગાંઠ બાંધી છે, તે મિત્રની પવિત્ર પ્રિતી આપણે શી રીતે મેળવવી? તે માટે કેવાં કેવાં કામ કરવાં? અને તે આખર સુધી નિભાવવા માટે આપણે કેવા ડા'પણ કેવી ચતુરાઈ અને કેવા ગુણનો ઉપયોગ કરવો? એ સમજવાની દરેક સ્ત્રી પુરૂષની મુખ્ય ફરજ છે.—ધરમ વિવેચન—લગન થએલી એવી સ્ત્રીએ જાણ્

ણવું જે આપણે જે પુરૂષ સાથે સંસાર સંબંધ જોડાયો છે. તેજ પુરૂષ મારો પરમ ઇષ્ટ છે, તેજ મારો સુખ દાતા, અને તેજ મારો પ્યારો મિત્ર છે. પછી તેનામાં ગમે તેટલા દુરગુણ હોય, તોપણ એ પવિત્ર ભાવ મન થી વિસારે પાડવો નહીં. પણ અહોનિશ પતિના ધરમ ક રમમાં તઈયાર રહેવું જોઇએ. પતિવૃત એ સ્વામિ પ્રત્યે ના ધરમોમાં સ્ત્રીનો એક મુખ્ય ધરમ છે. એ ધરમ આ ચરવામાં સ્ત્રીએ ઘણી સાવકાઈ, ઘણો વિવેક, અને ઘ ણી ધીરજ રાખવાની છે. પોતાનો ઘર વ્યવહાર સરળ અને આબાદ સ્થિતીમાં ચલવવા માટે સ્ત્રી મિત્રને એ ધરમ પાળવાનો મુખ્ય અગત્ય છે. કેમકે ઘર સંસારનું રાજ્ય ચલાવવામાં પુરૂષ મિત્રને તેનું પ્રધાન પદ મળેલુ હોય છે. એટલે કે પુરૂષ તે રાજા છે અને સ્ત્રી એ તેનો પ્રધાન છે. જેમ પ્રધાનને રાજાની પ્રીતી મળવીને તેને રાજ્ય કા જ્યમાં સારી સલાહ આપવી જોઇએ. તેમ ઘરના સ્ત્રી પ્રધાને પોતાના પતિ રાયની પરમ પ્રીતિ મેળવીને વ્યવ હારની ગુંચવાડા ભરેલી રાજ્ય વ્યવસ્થા ચલાવવામાં તે ને યોગ્ય મદદ કરવી જોઇએ. અને તેમ કરવાની યોગ્ય તા તેણે સંપાદન કરવી જોઇએ. સ્ત્રીને એ યોગ્યતા મેળ વવા ખરો મારગ તે પતિવ્રતપણુ છે. માટે સ્ત્રી મીત્રે પો તાના પતિની વિનય ભાવ વડે પ્રિતિ મેળવવી, તેની આ જ્ઞા પ્રમાણે વરતવું, તેની ઇચ્છાને અનુસરીને ચાલવું,

તેની માન મરયાદા રાખવી, તેને પડતા દુઃખમાં ભાગ લેવો, એટલે કે પતિના દુઃખથી દિલગીર થઇને તે ટાળ વાનો બનતો ઉપાય કરવો, તેના ગુસ્સાને તાબે થઇને રેહેવું. એટલે કે તે સહન કરવો. અને તેની દરરોજ ખ રા દિલથી શેવા કરવી—આ ફરજ સાથે બીજી ઘણી ફ રજો સ્વભાવીક રીતે ઉત્પન્ન થાય છે તે પણ દરેક સ્ત્રી વરગે પાળવાની છે. તેણે પતિના વડિલ પીતા માતા, અને ભાઇઓની ઘટતી આમાન્ય રાખવી. પતિ ના મિત્રો તે પોતાના મિત્ર જાણવા, અને પતિના શત્રુ તે પોતાના સત્રુ સમજવા. સ્ત્રી મિત્રે આ ફરજો જે પા ળવી તે પતિની એકયતા મેળવવા માટેજ છે. કેમકે પ તિ અને પત્નિ એ એક રૂપ છે. માટે સ્ત્રીએ પોતામાં અને પતિનામાં કંઇ અંત્રાય સમજવો નહીં. કારણ કે લગ્ન થયું ત્યારથીજ તે અંત્રાય તો તણે ટાળી દીધેલો છે. (ચોરીમાં બાળી નાંખ્યો છે.) અને જોડાઇને એક રૂપ થયાં છે. માટે સ્ત્રીએ પોતાની લગન ગાંઠનો એવો શુદ્ધ હેતુ સમજીને પોતાના ધરમ કારયમાં લાગુ રહેવું જો ઇએ. તેણે પોતાના પતિનો વક્કર ઘટે એવાં આચરણ કદી આચરવાં નહીં. પતિનું મહત્વ ઘટાડવું કે વધારવું એ કેટલેક દરજ્જે તેને હાથ રહેલું હોય છે માટે સ્ત્રી એ સદા ચરણથી ચાલીને જેમ તેની મરયાદ કે આબ રૂ વધે અને પોતાના ઘરનો ઘરાચાર સારી રીતે નભે એવા ઉપાયો યોજવામાં તેણે પતિને ઘટતી મદદ કર

જોઇએ.—"तदगुण"—એ સ્ત્રીનો શણગાર છે. માટે તે આભુષણ વડે સ્ત્રીએ પોતાનું અંગ શોભાવવું જોઇએ. અને તે ગુણ વડે પતિને વશ્ય કરવો જોઇએ. **दुरगुण**—એ સ્ત્રીનો કટ્ટો શત્રૂ છે. માટે તે રીપુને પોતાના શિયળવ્રત વડે વિદારી વીજયી થવું જોઇએ. મતલબ કે સ્ત્રીએ દુર્ગુણ આચરવા નહીં કેમકે તેથી બુદ્ધિભ્રષ્ટ થઇ મનને પાપનાં કામ કરવા ઉશ્કેરે છે. વળી **क्रोध**—એ શત્રુને પણ સ્ત્રીએ જીતવો જોઇએ. મતલબ કે પતિના ગમે તેવા ત્રાસથી પણ તેના સામો એક અક્ષર પણ બોલવો વ્યાજબી નથી. એ શત્રુને જીતવાથી તેનો પતિ જુલમ ગુજારતો અટકશે. **रुपमोह**—એ પણ એક સ્ત્રીનો રિપુ જાણવો. કેટલીએક સ્ત્રીઓ તેને આધીન હોઇ પતિના પવિત્ર પ્રેમને તરછોડીને કોઇ જુદાજ સોબતીની તરફદારી પકડે છે. પણ એજ રૂપ એની પાસે નિંદીત કામ કરાવી દુઃખમાં નાખે છે, અને આખરે પસ્તાવું પડે છે. માટે સ્ત્રી મિત્રે એ શત્રુને વશ્ય થવું એ પણ તેના પવિત્ર સંબંધને મોટુ કલંક બેસાડનાર છે. સ્ત્રીએ "ગંભીર, ગુણી અને ધિરજવાન થવું જોઇએ." **गंभीराई** થી તેનો ભાર બોજ વધે છે તથા દુનીયાંમાં તેનાં વખાણ થાય છે. વ્યવહારી પડતાં દુઃખ તેણે ધીરજ પકડવી જોઇએ. અને પતિને પણ તેનો સુંદર દાખલો બતાવી સુખી કરવો જોઇએ. અહી

ઘેલાપણું રાખવાથી પતી પ્રેમને ધોકો લાગે છે. અને તેથી સંસાર કંટાળા જેવો લાગશે. **वस्तु वेहेचोने खात्री**, એ પણ સ્ત્રીનો એક ઉદાર સદ્ગુણ કહેવાય. પોતાના પતિથી કોઈ પણ વાત ગુપ્ત કે છાની રાખવી નહીં. **विश्रिस वात पण** સામે સાચી કહેવાનો સ્વભાવ રાખવો. તેથી પતિનો વિશ્વાસ મેળવી શકે છે અને સુખી થાય છે **हठीलाइ अने साहास पणुं**—એ મોટા દુર્ગુણો પણ સ્ત્રીએ તજવા જોઈએ. કેમકે પોતાના ઘરની યોગ્યતાનો તેને વિચાર કરવાનો છે. છતાં, લુગડાં ઘરેણાં કે બીજી મન પસંદ ચીજ મેળવવા માટે તેણે હઠીલાઈ પકડવી એ પોતાના પતીને નાહક દુભવાનું કહેવાય. વળી તે દુર્ગુણ આચરવાથી તેના પ્રધાન પદને કલંક લાગે છે. સ્ત્રીએ સાહસપણું રાખવું એ પણ અતી નિર્દય કામ છે. તેવા આચરણોથી તેમને ઘણો પસ્તાવો થાય છે. **अकलापणु**—એ દુર્ગુણ પણ સ્ત્રીઓએ તજવાનો છે. કેમકે તેવા આચરણોથી તે પોતાની તથા પતિની મોટાઈ ખોઈ બેસે છે. અને દુનીઆંમાં હલકાં પડી માન ભ્રષ્ટ થાય છે. **मूर्खता**—એ પણ ખરાબ ગુણ સ્ત્રીઓને તજવાનો છે. એમાં પર પુરૂષથી નિર્લજ વાત કરી હાસ્ય કરવું, નીચ માણસની સોબત કરવી. અને મારી સાંભળેલી વાત બીજાને કહેવી વગેરેનો સમાસ થાય છે, તો સ્ત્રી મિત્રને એ દુરગુણો પણ મોટી ખરાબી કર

નારા છે. કેમકે પર પુરૂષથી નિર્લજ વાતનુ હાસ્ય, એ પતિવ્રતને ભંગ કરનારૂં સાધન થયું. અને તેવા સતત અભ્યાસથી તે મહા પાપમાં ફસાય છે. માટે દરેક સ્ત્રી માત્રે પર પુરૂષથી હાસ્ય વિનોદ મર્ણાંતે પણ કરવું નહી. તેણે તો પોતાનો પતિ એજ કામદેવનો અવતાર મા નીને તેની સાથેજ હસવું, રમવું, અને આનંદ માણ વાનો છે. કદાપી પતી મુર્ખ હોય તોપણ તેને પંડીત માનીને તેની પુજા કરવાની છે—કદી પતિ કુરૂપ હોય, તોપણ તેને રૂપાળો માનીને તેના પવિત્ર શેવામાં તેણે હાજર રેહેવું જોઇએ. नीच सोबत—એ પણ સ્ત્રીની નિતીમાં બીગાડ કરનારો શત્રુ છે, માટે સ્ત્રીએ તેવી સો બતથી દુર ખસવું જોઇએ. તેણે ડરેલ, સદાચરણી, અને વૃદ્ધ જનોનો સમાગમ રાખવો, કે જેથી તેવાં સજ્જનો તેને સદગુણ શિક્ષા આપશે, અને તે વડે તે ની નિતીમાં વધારો થશે. एकनी गुह्य वात बीजा नें केहेवी, એ દુરાચરણ સ્ત્રીએ જલદી તજવું જોઇએ. કેમકે તેથી દુનીયાં તેનો વિશ્વાસ કરતી નથી, અને પોતાના ઘરનું માન મુરાતબ ખોઇ બેસે છે. આખરે તેની એવી વર્તણુકથી તેના પતિને તે અળખામણી થાય છે. તથા બીજાં સગાં સંબંધી તેના તરફ પણ પ્યારથી જોતા ન થી. आहार अने विहार, એ બે સ્વભાવીક નિયમમાં સ્ત્રીએ નિયમીત રહેવું જોઇએ. એટલે કે એ બે નિય

મ તેણે મર્યાદાથી પાળવા જોઇએ. અને એવી ટેવ તેણી
ને માબાપથી શિખવાની જરૂર છે. **અતિ નિદ્રા.** એ
સ્ત્રીના બધા સદ્ગુણને ઢાંકી દેનારો મહા દુર્ગુણ કહેવા
ય. તો તે દુર્ગુણ તેણે તજવો જોઇએ. કેમકે અઘોરી
પણું, એ સ્ત્રીના શુભ નામને બટ્ટો લગાડનાર, રોગ ઉ
ત્પન્ન કરનાર, અને સુખનો નાશ કરનાર, ક્રૂર કરવત
છે. **જુઠા વ્હેમ.** એ પણ સ્ત્રીની અજ્ઞાનતાની એક ભ્રાં
તિ છે, એ ભ્રાન્તિ પણ તેમને શત્રુ સમાન પીડા કરે છે.
માટે સ્ત્રી મિત્રે નિતી કુશળ થઇને એવી નાહક પીડા
થી મુકત થવું જોઇએ, એમ નહીં કરેતો એ શત્રુ તેમ
ને વધારે પીડા કરશે. અને સુધરેલ જા ઼ વર્ગમાં ઘણી
હાંસી કરાવશે. **અનાચાર** એ સ્ત્રીઓની નીતીમાં બીગા
ડ કરી પાપમાં ઝંપલાવે એવો મોટો દુર્ગુણ છે. માટે
સ્ત્રી મિત્રે પોતાનો સ્વધર્મ સાચવવા માટે, તથા પવિત્ર
થઇને ઇશ્વર પ્રિય થવા માટે, અને પોતાના ઘરની પ્રતિ
ષ્ટા વધારવા સારૂ તેમણે એ દુર્ગુણનાં અપવિત્ર પગલાં
ટાળવાં જોઇએ. એટલે કે પોતાના ધર્મ મુજબ આચાર
વિચાર પાળીને તેમણે તે દુર્ગુણનો નાશ કરવો જોઇએ!
વળી દરેક સ્ત્રી મિત્ર પાવનતા, લાજ, વિવેક, ક્ષમા, સ
માનતા, મંમળાઇ, અવલોકન, પરોપકાર વ્રતિ, અને ઇ
શ્વરપ્રેમ, એ મહત સદગુણો પાળવાના છે. **પવિત્રતા,** એ
નો ખરો અર્થ પોતાનું અંતઃકર્ણ શુદ્ધ રાખવું તે

એટલે કે સ્ત્રીએ પતિપ્રત્યે નિષ્કપટપણું રાખવું. તેમ બીજા સંબંધી જન સાથે પણ તેણે એજ રીત રાખવી જોઈએ. ખાલી નહાવા ધોવાનો ડોળ બતાવી મનમાં પોણો મણ કપટ ભર્યું હોય, એવી સ્ત્રીને હું પવિત્ર ગણુતો નથી; પણ તેતો સદા અપવિત્ર અને પાપીજ જાણવી. **લાજ,** એ સ્ત્રીનો પવિત્ર સદગુણ કહેવાય. અને તે સદગુણ દરેક સ્ત્રીએ આચારવો જોઈએ. એ સદગુણ જેનામાં ન હોય તે સ્ત્રીને નિર્લજ જાણવી. પણ તેમણે સમજવું જોઈએ કે સાલ્લાના છેડાથી મુખ સંતાડીને ખાલી ઢોંગ કરવો એ લાજ કંઈ વાસ્તવિક ગણાય નહીં. ખરી લાજ તો તેજ કે પોતાની કુળ મર્યાદાનો પવિત્ર ટેક રાખીને જે સ્ત્રી દુર્ગુણથી દુર રહેછે; તેનેજ લાજવાળી, શરમવાળી, તે મર્યાદાવાળી જાણવી. માટે સ્ત્રી મિત્રે સદ્ગુણી થવું, એજ તેમને શોભા આપનારૂ સાધન છે. **વિવેક,** એ સદગુણ સ્ત્રીને શોભા વધારનારો અને ઈચ્છીત ફળ આપનારો છે. તેના વડે તે પોતાના ભરથારની અચળ પ્રીતી મેળવી શકે છે. વ્યવહારમાં વિવેકી સ્ત્રીનાં વખાણ થાય છે. અને સ્ત્રી મિત્ર એ સદગુણના પ્રતાપે બીજા ઘણા સદગુણ મેળવી શકે છે. **ચંચળાઈ,** એ સ્ત્રી મિત્રની વ્યવહારીક કામની મદદગાર બહેનપણી છે. એ સહીઅરની સોબત તેને ઘણી સુખદ અને શોભા આપનારી છે. દુનીઆંમાં ચંચળ સ્ત્રીનાં વખાણ

થાય છે, અને પતિને તે પ્યારી હોયછે. પણ યાદ રાખવું કે તેણે એ બેનપણીને નિર્લજ કામ બતાવ્યું તો તેના પુરા ભોગ મળશે કારણકે નિર્લજ કામમાં સંપળાઈ વાપરવાથી ઉલટી ધર્મ હાની થઈને પાપમાં પડાશે. માટે સ્ત્રી મિત્રે સદગુણ આચરવામાં તે સહીયરની મદદ લેવી તેજ ઉત્તમ અને સુખ કરતા છે **समानता,** આ સમજ ઘણી ગંભીર અને ગુણવાળી છે. સ્ત્રી મિત્રે એવી રૂડી સમજણ જરૂર કરીને રાખવી જોઈએ. કેમકે તેથી તન મદ, જર મદ, અને બળ મદ, એ મહા દુર્ગુણો દબાઈ જાય છે. અને સઘળી મનુષ્યોની ઐક્યતા સમજવામાં આવેછે તથા શત્રુતાનો નાશ થઈને મિત્રતા વધેછે. જ્ઞાન ખીલી નીકળે છે, ને તેથી ગંભીરતા વધે છે. તથા ઈશ્વર ઉપરની શ્રદ્ધા વધેછે. **अवलोकन,** આ રૂડી ટેવ દરેક સ્ત્રી મિત્રે રાખવી જોઈએ. કેમકે તેથી મનની શંકા દુર થાય છે; અને ખરૂં શું છે તે સમજી શકાય છે. તમને ઘરની વ્યવસ્થા રાખવામાં એ ટેવ ઘણી મદદગાર થઈ પડે છે. કેટલીક સ્ત્રીઓ ભુતાદિક મલીન વાતોના વ્હેમમાં ફુટાય છે. તેઓ જો આ રૂડી સમજનો ઉપયોગ કરીને ખરો તપાસ કરતી હોયતો તેમની શંકાને ઝટ દુર કરી શકે. એવો તે પ્રતાપી સદગુણ છે. **परोपकार व्रती,** આ મહાન, સદગુણ સ્ત્રી માત્રે અવશ્ય કરીને રાખવો જોઈએ. કેમકે તે

થી તેમનું કલ્યાણ થાયછે. દુઃખિઆના દુઃખથી દિલ ગીર થવું, અને તેનું દુઃખ ટાળવા બનતી મદદ કરવી. એજ તેનો મુખ્ય અર્થ છે. ઇશ્વરપ્રેમ. આ સર્વોતમ સદગુણ દરેક સ્ત્રી નિત્રે રાખવા લાયક છે, તેથી પતિ પ્રેમ વધે છે. તેણે કર્તાને ઓળખવો, તેના અદભુત કામને જાણવાં, અને તેની અનંત શકિતને પિછાનવી, એ તેમની મુખ્ય ફરજ છે. વળી તેની ન્યાયી અને પવિત્ર વર્તણુકનો તોલ બાંધીને તેનું પોતાના મનમાં નિરંતર સ્મરણ કરવું, અને કરેલા પાપની ક્ષમાં માગવી તથા તેનો ભય રાખીને પાપના કામથી અલગ રહેવું, વગેરે ઉતમ ફરજો મહા એ માહા સદગુણ એ શીખવેછે. સર્વ સદગુણનું તે મુળછે, સર્વ જ્ઞાનનું તે બીજ છે, અને સ્વધર્મ શ્રદ્ધાનું એ પવિત્ર મથક છે, માટે ઇશ્વર પ્રેમ એ સઘળાં સ્ત્રી માત્રોએ પહેલે નંબરે રાખવો જોઇએ. મોટું મન. આ રૂડો સદગુણ દરેક સ્ત્રી મીલની શોભા અને પ્રતિષ્ટા વધારનારો મહાન સદગુણ કહેવાય. કેમકે તેથી પોતાનું ચંચળ મન તે કબજે રાખી શકે, કોઇનું પડાવી લેવાનિ ભ્રષ્ટ નજર થઇ શકતી નથી. અને સ્વધર્મ નિષ્ટા વધેછે. મોટા મનવાળી સ્ત્રી દુનિયાંમાં વખાણને પાત્ર થાયછે. કેમકે તે પોતાના ઝીક્ષમાનો ગુણ પારી શકે છે. જે સ્ત્રીનું મન મોટુ નથી તે સ્ત્રી સ્વાનના સારખી સમજવી. કેમકે કુતરાની પેઠે તેનું અંભ

ળ ચીત્ત આમતેમ ભટકતુંજ રેહેછે. **मिथ्याक्लेश,** આ
મોટો દુરગુણ સ્ત્રીનો એક રિપુ જાણવો. માટે સ્ત્રીઓ
એ તે રિપુનો જ્ઞાન શસ્ત્રવડે પરાજય કરવો જોઇએ. કે
મકે ક્લેશ કીધાથી તનબળ ક્ષીણ થાયછે. અને તનબ
ળની ક્ષીણતાથી સ્વધર્મ સચવાતો નથી. અને સ્વધર્મ
હાનીથી બુદ્ધિ ભ્રષ્ટ થઇ અંત દુઃખના સાગરમાં ડુબવું

પડેછે.—**घर व्यवस्था**—સ્ત્રી મીત્રોંએ પોતાના ઘરની વ્ય
વસ્થા શી રીતે રાખવી એ સમજવાનો તેમની મુખ્ય ફ
રજછે. પોતાના પતીની તે અર્ધાંગનાછે. માટે પુરૂષપી
અર્ધા કામનો બોજો તેને ઉપાડવાનોછે. વિદ્વાનોએ તેની
યોગ્યતા મુજબ તેને ઘરની વ્યવસ્થા કરવાનું કામ સોંપેલું
છે; અને પુરૂષને તેની યોગ્યતા મુજબ બહારનું કામ સોં
પેલું છે; એટલે પુરૂષ પોતે વેપાર વણજ કરીને દ્રવ્ય
પેદા કરે, અને સ્ત્રી તેના યોગ્ય સમયથી ઘર ખરચમાં વા
પરે, અને તેનો હિસાબ રાખે, એવો કાયદો છે. હવે
એ કાયદો સ્ત્રીએ શી રીતે પાળવો એ તેણે સમજવું જો
ઇએ. સ્ત્રીએ પોતાના ઘરનું ખરચ નીભાવવામાં ઘણી ક
રકસર કરવી જોઇએ; એટલે કે પોતાના પતીના ખરે
પરસેવાનો રળેલો પૈસો તેણે ઘણી સંભાળથી વાપરવો
જોઇએ. "દમડી દમડી કરતાં પૈસો થાયછે." એ કહેવ
ત હમેશાં તેણે યાદ રાખવાની છે. ઘણી દુરી સંભાળ
થી ભરી મુકવું તે સળી જાય નહીં કે ભાદરં વગેરે મા

ણી તેનો બીગાડ કરે નહીં, તે બાબતનું પુરતુ લક્ષ તે
ણે રાખવું જોઇએ, વળી બોરાં કોઠામાં તેનો કુઉપયોગ
હરહમ ન થાય તેમ કરવું, મતલબ કે સ્ત્રીએ એવી બા
ઈ બાટી દાઢનો સ્વાદ કાઢી નાખવો જોઇએ. "દાઢ કોપી
તનો દૈવ કોપ્યો" એ કેહેવત તેણે યાદ રાખવી જોઇએ.
હમેશાં શાક ભાજીને માટે અમુક પૈસા ખરચ કરવાનો નિયમ
બાંધવો ને ઘર ખરચનો હિસાબ રાખી પોતાના પતિ
ને તેથી વાકેફ કરવો જોઇએ. પોતે ઉડાઉ હોયતો તેને
પૈસાનો કુઉપયોગ કરવાના ગેર ફાયદા બતાવીને તેની
એ કુ ટેવ છોડાવવી, અને બાલી ઉડાંઉ ન કરવાની એ
ને ઘટીત સલાહ આપતાં રહેવી. તેણે પોતાનું ઘર આંગણું
રોજવાળી ઝાડીને સાફ રાખવું, વળી ઘરનાં વાસણ કુ
સણ રાચ રચિલું વગેરે યોગ્ય સંભાળથી નિયમસર મુ
કવાં જોઇએ. સોના રૂપાના દર દાગીના યોગ્ય જાપતાથી
ઠેકાણે રાખવા જોઇએ, કેમકે કિંમતી ચીજ રઝળતી
મુકવાથી કોઇ વખત ઉંદર વગેરે પ્રાણી તેને ઘસડી જા
ય છે, તેથી ઘણું નુકશાન થાય છે. સ્ત્રીએ પોતાના તથા
પતિનાં ફાટાં તુટાં લુગડાં શીવી સંભાળથી રાખવાં જોઇ
એ. તેણે એકી ફેરે પોતાનાં લુગડાં ઘરેણાંમાં મોટી ર
કમ પોતાના પતિ પાસે ખરચ કરાવવી નહીં. અથવા
તેમ કરવામાં હઠ પકડવી નહીં. તેણે પોતાના પતિની
આવક ખરચનો અડસટો કહાડીને પછી ઘર ખરચમાં
કમી જાસ્તીપણું કરવું હોય તેમ કરવું. મતલબ કે

જનમારા સુધી કરજનો ભાર ઍચવો ન પડે તેમ કરવું માટે તે બાબત તેણે પ્રથમથી લાંબી નજરથી વિચાર કરવો યોગ્ય છે, વરા વાજન વખને પોતાની શકિત ઉપરાંત ખરચ કરવો નહીં, કારણ કે જેથી પૈસાનો કુપયોગ થાય નહીં; સંચીત પૈસાને જમીનમાં દાટી મુકવા કરતાં તેનું વ્યાજ ઉપજાવી વધારો કરવો એ ઠીક છે. અને ધર્મદાનમાં નેકથી પૈસાનો સદુપયોગ કરવો એ પણ વ્યાજ કરતાં વધારે ગરંજ સારે છે; એવી રીતે તેણે પોતાના ભરથારને સલાહ આપતાં રેહેવું, વળી પોતાનાં છોકરાંને ભણાવવાનાં કામમાં ઘટતો વ્યય કરવો એ પણ પૈસો મજરે પડ્યો એમ કહેવાય. સ્ત્રી માત્રે પોતાના નવરાશના વખતમાં સીવવા, ભરવા વગેરેનું કામ કરવું જોઈએ કારણ કે ઉદ્યમથી દિવસ સુખમાં જાયછે, અને એક પંથને દો કાજ જેવું થાયછે. એટલે કે વખતનો સદુપીયોગ થાયછે, અને બે ટકાની પ્રાપ્તિ થાયછે. કેટલીએક સ્ત્રીઓ પ્રમાદિ થઈને પડી રહેછે તેમને નઘરોળ કે નફ્ફટ જાણવી. સ્ત્રી બીજાને એમ પડી રહેવું એ ઠીક નથી, તેમને તો ધણી કરતાં ઘણી ફીકર રાખવાની છે; ઘરમાં બગડયું સમર્યું સંભાળવું પોતના છૈયાં છોકરાની માવત કરવી, પરોણા પૈની ખરદાસ લેવી, સમાં સહોદરમાં આવતા રહેવું, વગેરે ઘણી પ્રકારનું લક્ષ રાખીને તેમણે જાગૃત રહેવું જોઈએ "કામ કર્યું તેણે કામણ કર્યું" એ કહેવત તેણે ભુલવી નહીં "એટલે કે ક

રસહની વખત કોઈની નિંદા બદબોઈ કે કંઈ કુથલી ક રવા કરતાં સારાં નિતિનાં પુસ્તકો વાંચવામાં વખત આ જવો એ તેમને ઘણો લાભ આપનાર થશે. સગાં સ્નેહ દરનાં ભાવતાં રહેવાને માટે તથા આડોસી પાડોશીની પ્રીતી મેળવવા માટે, તેમની અડી ઓપટીએ તેણે ઘટતી મદદ કરવી જોઈએ. એકંદરે આ ધર્મ બજાવવામાં સ્ત્રી મિત્રને ઘણું ડહાપણ, ઘણી ચતુરાઈ અને ઘણો વિવે ક રાખવાનો છે. અને તેમ વર્તવાથી તે આ સંસારમાં ભલા સુખ પામશે.

વસંત તિલકા વૃત.

ઓ મિત્ર સર્વ સમજો સતિના સુધર્મો,
ભક્તિ કરી પતિ તણી તજવા અધર્મો;
છે સાર એજ સુખનો સમજી ગ્રહોરે,
વિચારથી વરતિને વરને વરોરે?

સુંદરી સુબોધ.

પદ.

રાગ આગમ ઉધાસી.

(આપવજી સંદેશો કહેજો શામને. એ રાગ.)

પ્રેમ પતિ પદ પુજે તે તો પદ્મિની, (ટેક.)

શ્યામા બીજી શંખિનિની સરદારજો;
જગમાં નીતી પ્રભુની માનીતી સદા,
જય જુવતિ જગ જીતી તે ઘર નારજો. પ્રેમ૦ ૧
અસલિ અબળા આજ્ઞા ઓલઘે નહીં,
અસીલ આચરણે નવ અર્પે ચિત્તજો;
નિર્ધન તેજે દુષિત મનની માનિની,
નિર્મળ મન વનિતાનું અવિચળ વિત્તજો. પ્રેમ૦ ૨
તે ખરી અબળા જેને નવ વળગે બલા,
ભલા ભલા ભડપણ જેને મન ભીલજો;
ભગવત સમ ભર્તાને ભાળે ભામિની,
કેવળ કંથ કદમમાં તે દે દીલજો. પ્રેમ૦ ૩
અંતર અચળ થયું તો તે અબળા નથી,
સબળા તે સંહારે સર્વ વિકારજો;
શુર સમી શિર દુર ધરી ન દિસે ડરે,
ધીળ જતાં દિલ તુચ્છ ગણે સંસારજો. પ્રેમ૦ ૪
ચતુરા તેજે ચતુરપણું સુકે નહીં,
અવર પુરૂષ નિરખી નવ આતુર થાયજો;
ભ્રાત-ભગિનિ-ભાવ તજીને ન ભમે કદી,
તે ભામિનિથી ભવ નવ કેમ તરાયજો. પ્રેમ૦ ૫
વામા તેજે કામ તણા વામાં કદી,
ટેક તજી પરવશ પડિને ન તણાયજો;
કામનિ સાથે સામા ધામાં ના હટે,
પિંડ પડે પણ પુંશ્ચલિમાં ન ગણાયજો. પ્રેમ૦ ૬

ભામિનિ તે જે માન શિયળનું સાચવે,
ભાન અવર તો મર્કટિ કેરૂ તાનજો;
નિરખે ન અવર નર પર નજર ઠરાવિને,
કદિએ કુટિલ કથનમાં નવ દે કાનજો. પ્રેમ૦ ૭
ભામિની તે જે મિથ્યા ભ્રમ ભાંગીને,
ભજે સદા શુભ ભાવે નિજ ભરથારજો;
મૂંકે સહુ પાખંડ ન પડે યંત્રમાં,
સાચો મંત્ર સ્વપતિનો નામોચ્ચારજો. પ્રેમ૦ ૮
ઘન સંગે જેમ ગગન વિષે વસિ વીજળી,
અન્યથી રહિ અળગી નવ રાખે સંગજો;
ત્યમ સાચી સુંદરી તો પતિ પાસે વસે,
અવરથિ રાખે અળગાં અંતર અંગજો. પ્રેમ૦ ૯
પ્રાણ છુટે પણ નવ છુટે નિજ નાથથી,
પણ કદિ છુટે તો કરિ ભુતળ ભંગજો;
વિજળી માફક જાય શમી પાતાળમાં,
પણ પર સંગે રજ ન લગાડે રંગજો. પ્રેમ૦ ૧૦
પતિ સંગે સતિ તો સંપત્તિ વિપત્તિમાં,
વસિને માને ઈંદ્ર ભુવન સમ ભોગજો;
વિભવ ચહી નવ વનિતા વાલમને તજે,
રોગ સહે પણ ન ચાહે નાથ વિયોગજો. પ્રેમ૦ ૧૧
જગદમ્બા જેવી તે જે સતિ સુંદરી,
નિજ પતિ પદમાં તન મન જેનું લીનજો;
સમૃદ્ધિ સિદ્ધિને તે પ્રેમદા પદ,

તે બંધાને વર્દે દીન નગીનજી.   પ્રેમ૦ ૧૧
[સ્વદેશ વત્સળ.]

॥ स्त्री प्रते पतिना धर्म ॥

સ્ત્રીના પતિએ પોતાના સ્ત્રીમિત્ર સાથે કેવા આચરણોથી વર્તિને આ દુનિયાની મુસાફરીનું વ્યવહારીક નાવ વગર અડગણે સંસાર સાગરમાં ખેડીને સહીસલામત કિનારે પોહોચાડવું જોઇએ. તે બાબતને મુખ્ય સારાંસ વાંચનાર મિત્રોની હજુર મુકુ છું.—આપણે આગળ જણાવી ગયા કે સ્ત્રી એ પુરૂષના જીંદગી પર્યંતનો સોબતી છે; એટલે કે મરણ પરયંત તેને તે મિત્રની સોબતમાં રહેવાનું છે. તેની સાથે તેને આ દુનિયાંના નાના પ્રકારના સુખ દુ:ખને ભોગ ભોગવવાનો છે. અને તેની સાથેજ તેને પાપ કે પુણ્યને રસ્તે ચડવાનુ છે. તો એવા સ્ત્રી મિત્રની સાથે પ્રિતીની પવિત્ર ગાંઠ શી રીતે બાંધવી, કે તે આખર સુધી છુટી ન શકે? એ સમજવું તે પળવું એ સ્ત્રીના પતિનો મુખ્ય ધરમ છે.

પ્રેમ આ એક સ્ત્રીની પ્રિતી સંપાદન કરવાનો મુખ્ય રસ્તો છે. પુરૂષે પોતાની સ્ત્રી ઉપર સંપુરણ માયા રાખવી જોઇએ, તેના ઉપર અભાવ રાખવો નહી. કેમકે તેથી પરસ્પર કંટાળ ઉત્પન્ન થઇ મિત્રતામાં વિઘ્ન ઉપજે છે

માટે. **કૃપા અને ક્ષમા** આ બે મોટા સદ્ગુણો પતિએ પત્નિ પ્રતે પાળવાના છે. સ્ત્રીની તકસિરને માટે તેણે એ બે સદ્ગુણ કામે લગાડવા જોઈએ; એટલે કે તે તને આધિન હોઈ કદાપિ ભુલે ચુકે ગુન્હો કરી જાય તો તે બાબતમાં પતિએ મોટું મન રાખવું. તેમ કરવાથી તે સ્ત્રીમિત્રનો પુરો પ્યાર મેળવી શકે છે. પણ સંભાળવું જોઈએ કે એવા સતત અભ્યાસથી વધારે ગુન્હા કરી સ્ત્રીમિત્ર દુરાચરણી થઈ જાય નહી. તેની ઘણી તકશીર ને માટે ભય અને માયાનો ઉપાય કામ લગાડવો જોઈએ એમ કરવાથી સ્ત્રીમિત્ર ગુન્હા કરતી અટકશે. અને તેનો ભય માનીને સદાચરણે ચાલશે. **ઉત્સાહ** એ પવિત્ર સદ્ગુણ સ્ત્રીના પતિએ પાળવાનો છે. પોતાની સ્ત્રીનું દુઃખ ટાળવામાં તેનું સુખ શોભા વધારવામાં અને તેના મનના કોડ પુરા પાડવામાં પુરૂષ મિત્રે એ સદ્ગુણોનો ઉપયોગ કરવાનો છે. તેમ કરવાથી તે સ્ત્રીની મિત્રતા જાળવી શકે છે. ઉદ્યોગ મેળવી શકે છે. અને સુખી થાય છે. **બોલ્યું પાળવું** એ મોટો સદ્ગુણ પુરૂષમીત્રની મહાન મોટાઈને જગતમાં વધારો કરનારો છે. પોતાની સ્ત્રી પ્રત્યે તેણે એ સદ્ગુણ હમેશાં રાખવો જોઈએ કેમકે બોલ્યું અબોલ્યું કરવાથી સ્ત્રી તનો વિશ્વાસ રાખી શકતી નથી અને વખતે હુકમની અવગ્ના કરેછે, અને જગતમાં તેનો ભાર બોજ પડી શકતો નથી, માટે પુરૂષ મિત્રે બાબતા સુધી વચને બંધાવું નહી, અને

બંધાયા તો તે પાળવું જોઇએ.—**सल्लाह लेवी** આ સદ્‌ગુ
ણ પણ પુરૂષમિત્રે પોતાની સ્ત્રી પ્રત્યે પાળવાનો છે કેમ
કે તેથી પતિ પ્રેમમાં વધારો થાય છે અને વ્યવહારીક
કેટલીક અડચણો તે ટાળી શકે છે. માટે સંસાર વ્યવ
હારમાં જે જે કામમાં તેને સ્ત્રીની સલાહ લેવાની જરૂ
ર હોય તે તે પ્રસંગે તેની પવિત્ર સલાહ પુરૂષ મિત્રે લે
વી જોઇએ જો તેમ નહી કરે તો વખતે પસ્તાવું પડ
સે. અને સ્ત્રી મિત્રની પોતા પરની અરૂચીનું દુ:ખ ખ
મવું પડશે. **समता** એ મહા સદ્‌ગુણ પુરૂષ મિત્રે જરૂ
ર કરીને પાળવો જોઇએ એટલે કે તેણે પોતાના સ્ત્રી
મિત્રને છેક તુચ્છ ગણી ન કાઢતાં પોતાની બરોબરીના
દરજ્જામાં ગણવો જોઇએ. કારણ કે એમ માનવાથી તે
પોતાનો ધરમ બરોબર રીતે પાળી શકે છે. **खुश मिजाज**
આ સદ્‌ગુણ ઘણો શ્રેષ્ટ છે. પુરૂષ મિત્રે પોતાની સ્ત્રી
પ્રત્યે એ સદ્‌ગુણ આચરવાનો છે, એટલે કે સ્ત્રી સાથે
તેણે એવો સ્વભાવ રાખવો. કેમકે તેથી દીવસ આનંદ
માં ને સુખમાં જાયછે, પરસ્પર પ્રેમ વધેછે અને લોકમાં
તેમનાં વખાણ થાય છે. **रंजकवृत्ती** આ સ્ત્રીનું મન હ
રણ કરવાનું પવીત્ર સાધન છે. પુરૂષ મિત્રે એ સદ્‌ગુણ
વડે પોતાની સ્ત્રીને વશ કરવી જોઇએ એટલે કે તેના
પોતા પ્રત્યેના મનોભાવ પુરા કરીને તે હમેશા ખુશી ર
હે તેમ કરવું. પણ પુરૂષે સ્ત્રીના તુચ્છ મનોભાવને તા-

ખે થવું નહીં. એ તણે આ ધરમ આચરતા પેહેલાં ખુ ખ યાદ રાખવું જોઇએ. **स्त्री परिक्षा**, એ મોટો સદગુ ણ પુરૂષની સત્કિર્તિ વધારનારો છે, તણે એ સદગુણ વડે પોતાના સ્ત્રી મિત્રની પરિક્ષા કરવી જોઇએ. એટલે કે સ્ત્રીની વરતણુક કે રીત ભાતનો તપાસ કરવાની તેણે ટેવ રાખવી. તેમ કરવાથી તને ઘણો લાભ થશે.— એક તો એ કે સ્ત્રીની અયોગ્ય વરતણુક તે સુધારી શ કશે, પોતાપર પડતા દુઃખનો હુમલો ત ટાળી શકશે, અ ને સ્વધરમ શેવા બરોબર બજાવી શકશે. **मनोनि ग्रहपणु** આ પુરૂષના સંસારીક અને પરલોકીક લાભ વધારનારો ઉત્તમ સદગુણ છે, પુરૂષે મન નિગ્રહી એટલે સૈયમગુ ણી થવું જોઇએ. એટયે કે તેણે મન ઇદ્રિયોના તુચ્છ ભોગને વશ ન થતાં તને કબજે રાખતાં શીખવું જોઇ એ અને પોતાની સ્ત્રીને પણ તેવા રૂડા આચરણનો દા ખલો બતાવીને સુખી કરવી જોઇએ.

दुर्गुण विवेचन

વસંત તિલકા વ્રત.

સ્ત્રીમિત્ર સંગ શવળા, ગુણ સાધવાને;
આ ધર્મ કર્મ સમજો, સુખિયા. થવાને;
સ્ત્રીના પતિ સુખદ્ સાર, વિચારી લેજો;
સંસારનો દુખદ ભાર, ભમાવી દેજો. ૧

निर्दयपणु—આ માહા દુર્ગુણ પુરૂષ મિત્રને તજવાનો છે કેમકે તેવાં આચરણથી તેનો ઘર સંસાર વંઠેછે, તેની આબરૂને કલંક ચોંટે છે, અને છેલ્લે તે મહા મહા દુઃખ પામે છે માટે પુરૂષ મિત્રે પોતાની સ્ત્રી ઉપર જુલમ ગુજારવો કે તેના ઉપર ગજા ઉપરાંત કામનો બોજો નાંખવો એ મોટો અધર્મ તેણે તજવો જોઇએ. કારણ કે અબળાના કલેશથી સારૂ થતુ નથી પણ બુરૂજ થાયછે. શરણ પડયાને સંતાપવું નહીં, એ કહેવત તેણે આ દુર્ગુણ આચરતાં ખુબ યાદ રાખવી જોઇએ.

—**साहसपणुं**—એ પુરૂષ મિત્રનું ઘર ભંગ કરનારો મોટો દુરગુણછે માટે તે દુરગુણ તેણે તજવો જોઇએ. કેટલાક પુરૂષો તે દુરગુણને વશ થઇને ઘણાં નિંદીત કામ આચરેછે જેમકે સ્ત્રીનો વાંક ગુનો જોયા વગર તેને એક દમ માર ઝુડ કરવા મંડી પડે છે. અથવા તો નીચ ગાળો ભાંડી તેની ફજેતી કરેછે તો એમ કરવાથી ઘરમાં મિથ્યા કલેશ ઉત્પંન થઇને સ્ત્રી પુરૂષના પરસ્પરનું હેત તુટી જાય છે અને વખત મોટું વીઘ્ન નીપજેછે માટે તેવે પ્રસંગે પુરૂષ મિત્રે, અવલોકન વૃતીએ, તે દુરગુણનો નાશ કરવો જોઇએ. **विषयांध पणुं**—એ મોટા રિપુને પુરૂષ મિત્રે જીતવો જોઇએ. એટલે કે તેના ગુલામ થવું નહીં. પણ આપણે તેને મન નિગ્રહ પણાથી વશ કરી લેવો કેમકે તે દુરગુણ આચરવાથી તન,

મન, ને ધનની ખરાબી થાયછે, પાપમાં પડાયછે અને અંતે ગણા મહા દુઃખમાં રીબાવું પડેછે. —**चिढीया पणु**, એ દુરગુણ પુરૂષે સ્ત્રી મિત્ર પ્રત્યે રાખવો લાયક નથી કેમકે તેથી પુરૂષની તન સંપત્તિને નુકશાન પોહોચે છે. મન ગાપને ધોકો લાગે છે અને ઘરમાં મિથ્યા કલેશ ઉત્પન્ન થાયછે.—જુજ જુજ બાબતો મનપર લાવીને કેટલાએક પુરૂષો પોતાની સ્ત્રી ઉપર ચીડ કરે છે (ગુસ્સો) એ ગુસ્સો તેણે સમાવવો જોઇએ. મતલબ કે તેવે પ્રસંગે પુરૂષે મોટું મન રાખી તે બાબતો સુધારવા માટે તેણે સ્ત્રી મિત્રને ધીમે રહીને સલાહ આપવી જોઇએ એજ ઉત્તમ અને સુખકરતા છે—**अणगमो**—આ નીચ દુરગુણ પુરૂષ મીત્રે તજવો જોઇએ. કેમકે તેથી સ્વધરમ સચવાય છે. પોતાને મળેલી એવી સ્ત્રી ગમે તો કુરૂપ કે અજ્ઞાન હોય તો પણ તે ખરેખરી રંભા જાણવી, તેજ પદ્મિણી, અને તેજ ગજગમની છે એમ માનવું, કારણ કે લગ્ન થયા પછી તે તેની અર્ધાંગના થએલી છે, માટે પુરૂષ મિત્રે તેને પછીથી છેહ ન દેતાં પોતાનો ખરો મિત્ર ગણીને અંગીકાર કરવી જોઇએ. અને તેનાં ભુંડાં આચરણ પોતાના સતત ઉપદેશથી તજાવવાં જોઇએ. વળી એવી અજ્ઞાન કે ખોડ ખાંપણવાળી સ્ત્રીને નિભાવી સુખી કરવી, એ મોટું કલ્યાણકારી કામ છે એમ જાણવું.—પુરૂષ મીત્રે એ વિના બીજા ઘણા શુભગુણો પોતાની સ્ત્રી પ્રત્યે આચરવા અને દુરગુણો

તજવાના છે પણ તે બધા વિવેચનનો આ લઘુ પુસ્તક માં પુરતો સમાસ ન થવાથી આ પુસ્તકમાં તેનો સારાંશ માત્ર લખ્યો છે તે વાંચીને સૌએ પોત પોતાનો ધર્મ સ મજી લેવો જોઇએ. અને સુમારગે ચડી સુખી થવું જોઇએ.

ज्ञानदर्शक जीवाजी महाराजनो

गृस्थाश्रम.

ઇંદ્રવિજય વૃત.

સંગ સુસંગ અભંગ કરો, મનરંગ ચઢી શુભ ધર્મ ધરાવે;
સંગ કુસંગ નિશંક ધરો, સુખ દુર કરી રણમાં રખડાવે;
નય અનોપમને નિરખી, જીવરાજ ઘણી જુગતે કરી જામ્યો;
તે નર એક સુનારિની સંગ,ભવોભવ સ્વર્ગ તણું સુખ પામ્યો.૧

પુર્વે જીવાજી મહારાજ નામનો એક કીર્તિવાન મ હારાજા થઇ ગયો તેનું પાટનગર, દેહગામ, કરીને હ- તું. તે મહારાજાને સત્યસિંધુ નામનો એક પવિત્ર પ્રધાન હતો, તે તેને રાજકાજમાં સારો મદદનિષ હતો, જીવા જી મહારાજનું લગ્ન કરવાને માટે કોઇ સારી રાજ્ય કન્યાનો શોધ કરવા તેણે ઠામ ઠામ પોતાના પુરોહિ તને મોકલ્યા, પણ કોઇ ઠેકાણે તેમના ગુણને મળતી સુકન્યાનો પત્તો લાગ્યો નહી. એક વખતે રાજા અને પ્રધાન બંને પોતાના ગૃહાલયમાં બેઠા બેઠા વિદ્યા વિનો દની વાતો કરે છે, તેવામાં મેહેલની બાહાર એક કૌતક

થયું, તે એ કે કીડી હાથીને ગળી ગઇ! એવી વાત એક અનુચરે આવીને રાજા અને પ્રધાન એ બે બેઠા હતા તેમને કહી. રાજા તો એ વાત સાંભળી ઘણું અચરજ પામ્યો અને પોતાના પ્રધાનને કેહેવા લાગ્યો કે એમ હોયજ નહીં શું? કીડી જેવું હલકુ પ્રાણી હાથી જેવા મહાન પ્રાણીને કદાપી ગળતું હશે? એતો જુઠું છે. માટે ઓ સત્યસિંધુ; આપણા રાજમાં એવા અસતીયા માણસો જોઇએજ નહીં, એમને તો પકડીને દેશ નિકાલ કરવા જોઇએ. પ્રધાને કહ્યું; રાજા ધિરાજ, આપે કહ્યુ એ સત્ય છે, પણ કદાપી તેમ બન્યું હોય તો બિચારા અનુચરનો શો વાંક; રાજાએ કહ્યુ "અલ્લા અકલથી પીછાના." કે એવી અસંભવીત વાત તે ખરી પડતી હશે? પ્રધાનજી, એ અનુચરને જલદી પકડીને કેદ કરો. રાજાનો એવો હઠીલો સ્વભાવ જોઇને પેલો અનુચર તો નર મટીને તરત નારી થઇને ઉભો! (પોશાક બદલીને) તેનું વય માત્ર બાર વર્ષનું હતું, તેથી તેના મુખ ઉપર બાળ પણાની નીર્દોશતા તાજી માલમ પડતી, તે બાળા રાજાને કેહેવા લાગી કે ઓ દયાળુ અને સત્યદિલના મહારાજા, આપ જે અનુચર ઉપર ગુસ્સે થયા છો તે ગુસ્સો છોડી દો, કેમકે તેની વાત સાચી છે અને તેમેં પણ નજરે ભાળયું છે. રાજા આથી તો બેવડો વીશ્મય થયો, અને વિચારવા લાગ્યો જે પેલો પુરૂષ કયાં ગયો. અને આ બાળા તે ક્યાંથી આવીને ઉભી! એવામાં સત્ય સિં

પું'ની નજર પોતાની પુત્રીપર જવાથી તેણે તેને પોતાની પાસે બોલાવી અને આસન આપી બેસાડી. પછી રાજા એ પ્રધાનને પુછયું કે આ કોણ છે! સત્યસિંધુ કહે એ મારી પુત્રીછે સાહેબ, આપ એના કરતુકનો તોલ ખ રોબર કાઢી શકયા નથી માટેજ આપના મનને એટલી બધી વિસ્મયતા પેસી ગઇછે, આપ હવે તેને પુછશો તો પડેલી ભ્રાંતી ઝટ દુર થશે. રાજાએ પ્રધાન પુત્રીને સભ્ય તાથી પુછયું કે, પેલો વિચીત્ર વાત લાવનારો અનુચર કયાં અટકી ગયો! અને તમે તેની વાતને શી રીતે કબુલ કરો છો! પ્રધાન પુત્રીએ જવાબ આપ્યો કે મહારાજ આજે કેટલાક નિરાશ્રિત અને અપંગ માણસો વખા ના માર્યા અહીં' આવી ચડયા છે, એવી વાત મારી મા તા સત્યવતિને કાને પડવાથી તેણે મહેલના અનુચરો ને બોલવાની આગ્ના કરી કે, આપણા શેહેરમાં જેટલાં નિરાશ્રિત અને અપંગ માણસો દુઃખથી રીબાતાં હો ય, તેમને યોગ્ય સંભાળથી આપણા ધર્માલયમાં તેડી લાવો. અનુચરને એવી આગ્ના થતાં તે ત્યાં ગયા છે, ને એ નિરાશ્રિતોની સંભાળ તથા પોષણની ઘટતી વ્યવસ્થા કરવામાં મારા પિતાજીની ઘણી જરૂર હોવાથી હું' મારા પોશાગ ઉપર અનુચરનો પોશાક પેહેરીને ત મને તેડવા સારૂં' અહીં' આવી છું. માર્ગમાં આવતાં આ ના મેહેલ પાસેની ગજ શાળામાં એક ઉન્મત હાથી ગ માં હાંધળો થઇને તોફાન કરવા લાગેલો મેં જોયો, તે

ને બાંધેલી સાંકળો પણ તેણે તોડી નાખી, અને ઘણા માણસો પોતાની સુંઢના સપાટાથી જમીન સાથે પછાડતા નાખ્યા; જેથી લોકમાં નાસા નાસ થઇ રહી, અને હું વેગળે રહીને બધો નાસ તપાસ જોવા લાગી. એટલામાં તો હાથીના માવતે લાગ સાધીને એક નાના સરખા અંકુસની અણી વડે એ મદોન્મત હાથીને કબજ કરી લીધો. આ બનાવ જોઇને હું મારા મનમાં સાનંદાશ્ચર્યથી વિચાર કરતી કરતી આપના ચહુાલપાંમ આવી છું. અહીં આવીને આપની તથા મારા પીતાજીની સાનિધ મેં માર્ગમાં જોએલા કૌતકની વાત જાહેર કીધી છે. રાજા એ વાત સાંભળીને "કીડીએ કુંજર ગળ્યો." એ માર્મિક કૌતુકનો હેતુ ઝટ સમજી ગયો. અને પ્રધાન પુત્રી સુમતી બાઇના વિવેક ચાતુર્યથી ત મોહ પામ્યો. તથા પોતાના મન સાથે તેનેજ વરવાનો નિશ્ચય કીધો પોતે કુંવારો હતો, અને પીતાના લાયક કોઇ રાજ્ય કંન્યા હતી નહીં માટે પ્રધાને સત્યસિંહુને કરેલો નિશ્ચય જાહેર કરયો. રાજાની એ ઇચ્છાથી પ્રધાન પોતાના મનમાં ઘણો ખુશી થયો. કારણ કે તેની પિય પુત્રી હજુ કુવારી હતી. અને તને લાયક વરની શોધ જડતી નહોતી માટે સત્યસિંહુએ રાજાની એ માગણી મંજુર રાખી. અને પછી પ્રધાન પોતાની પુત્રી સાથે રજા લઇને પોતાને ઘેર ગયો. ત્યાં જઇને પેલા નિરાશ્રિતોના કામ અને પોષણની યોગ્ય અવસ્થા કરી. તથા તેમને રહેવા મા

ટે સારો આશ્રમ આપ્યો. પછી પોતાની પત્નિ સત્યવ
તીને પ્રિય પુત્રી સુમતીનો વિવાહ જીવાજી માહારાજ વે
રે કરવાનો વિચાર જણાવ્યો. તેથી તેણે પણ ખુશી થ
ઇને તેમ કરવાની સલાહ આપી. અને શુભ મહુરત જો
ઇને તે બંનેનાં લગ્ન કર્યાં;—એ લગ્ન થયા બાદ **જી
वाजी महराजनो ग्रहस्थाश्रम** કેવા પ્રકારે ચાલ્યો તે
નું વર્ણન કરવું આપણે દુરસ્ત ધારીશું. સુમતીબાઇના
એ લગ્નથી જીવાજી મહારાજનામાં કેટલાએક છછાંછળા
સ્વભાવો દુર થઇને ઠરેલતા આવી, તે બાઇ તેના હરેક
ધર્મ કાર્યમાં તત્પર હતી. અને પોતાના પતીનાં સુ
ખ શોધવા તથા તેને સુધારવામાં ઘણી ખંત રાખતી પ
તીનાં કઠોર વચન તે દ્રઢતાથી સાંભળતી અને સહન ક
રતી, પણ ધર્મથી ઉલટી રીતે પતીને તે તેનાથી કોઇ
દિવસ પ્રતિકુળ થતો નહીં. પતીને કોઇ આપત્તી વખતે
તેને ધીરજથી સુગમ રસ્તો બતાવી સુખી કરતી. તને
ઘરેણાં ગાંઠાંનું કતરીમ ફુટડાપણું પસંદ નહોતું, કોઇ વ
ખત તેનો પતી તેને હીરા મોતીના સુંદર અલંકાર પેહે
રવાની ભલામણ કરતો, તો તેને જવાબ આપતી જે મ
ને એવા જુઠા અલંકાર પેહેરવા ગમતા નથી. અને પે
હેરૂં છું તો વિદ્યા રત્ન અને ગ્નાન મોતીએ જડેલા સા
ચા અલંકાર પેહેરૂં છું. આપ પણ એવા સાચા અલંકા
ર કોઇ ગુણીયલ સોની પાસેથી ખરીદીને પેહેરશો તો,

હીરા મોતી જેવા તકલાદી અને જુઠા અલંકાર પેહેર વાનું કદી પણ સારૂ ધારશો નહીં. જીવાજી મહારાજને ગદપાન કરવાની માઠી આદત પડી હતી, તે ટેવ એ સ દગુણિએ છોડાવી સુખી કર્યા. કેટલેક વરસે એ લગનથી તેમને ત્રણ પુત્ર અને ત્રણ પુત્રીઓ થઈ, પુત્રનું નામ **વિનયરાય, ધિરવિર રાય,** અને **મનનિગ્રહ રાય** હતું. તથા પુત્રીઓનું નામ દયાબાઈ, **ક્ષમાબાઈ,** અને પ **વીત્રતાબાઈ** હતું. એ છ સંતાનોથી જીવાજી મહારાજ નો ગ્રહસ્થાશ્રમ કોઈ અલૈકીક અને સુખકર નિવડયો. એ સંતાનોને તેમના વિવેકી માતા પીતાએ સારી કેળ વણી આપીને નિતી કુશળ કરયા. તેથી દેહેગામ તાલુકા ને યોગ્ય વ્યવસ્થાને બંદોબસ્તથી દીપાવામાં એ ત્રણ કું વર તેમને ઘણા મદદગાર થઈ પડયા. તેમણે રાજ્ય વ હિવટથી પોતાનાં મા બાપ સુખી થાય, અને પ્રજાની આ બાદી વધે, એવા ઉપાયો લેવા માંડયા. વિનયરાયે પો તાના વિવેક માધુર્ય વડે પિતાની કિર્તિ અમાર કરીને પ્રજા પ્યાર મેળવ્યો. તથા ધિરવિરરાયે પોતાના શત્રુઓ ને વશ કરીને તેમને યોગ્ય શિક્ષાએ પહોચાડી પિતાની તથા પ્રજાની પીડા હરી, અને **મનનિગ્રહરાયે** દેહગામ તા લુકાના દરો વહીવટદારોનું ઉપરી પણું ધારણ કરયું. અને તે વહિવટદારોને પોતાના હાથમાં લઈને સુમાર્ગે રાજ્ય વહિવટ ચલાવવાની ફરજ પાડી, જેથી જીવાજી મહારાજની સત્ય કિર્તિમાં વધારો થઈને તેમના તાલુકા

ની મહતા જળવાઇ રહી. જે ત્રણ પુત્રીઓ હતી, તેમ ને તેની માતાએ ઘર કામ, પાક શાસ્ત્ર તથા બીજા વિવેક ભાતુયંમાં પ્રવિણ કરી. વળી સ્ત્રી નિતિ ધર્મનાં પુસ્તકો વાંચી વંચાવીને તેમના જ્ઞાનનો વધારો કરયો. એ બાળકીઓ પોતાની ન્હાની વયથીજ ઘણી ચંચળ અને બુદ્ધશાળી હતી; તેથી માતાનો ઉપદેશ તેમને ઘણો પ્રિયકર થઇ પડયો. આગળ જતાં તેમનાં રૂડાં આચરણ એવાં તો પ્રકાશમાં આવ્યા કે, તેથી જીવાજી મહારાજના કુળની પ્રતીષ્ટા ઉત્તરોત્તર વધતી ચાલી. બાળાઓની મતી ધર્મની કેળવણીથી એવી તો નિર્મળ થઇ હતી કે, તે પોતાનાં માતા પિતાને સંપુર્ણ રીતે સલાહકાર થઇ પડી. તેમના યોગ્ય ઉમરે લાયક વર જોઇને પરણાવવાનો તેમનાં માત પિતાએ વિચાર કરયો, અને તે માટે સ્વયંવર રચ્યો. તેમાં દયાબાઇએ દેહગામ વહિવટદાર કીર્તિસિંહને પસંદ કરીને તેને વરમાળ પેહેરાવી. અને ક્ષમાબાઇ તથા પવિત્રતાબાઇ એ તેજ તાલુકાના હૃદયસિંહને પેહેરાવી. ત્યાર બાદ શાસ્ત્રોકત રીતે વિધિ પુર્વક લગ્ન થયાં એ લગ્ન સમારંભમાં સુમતિબાઇના વિવેકી ગુણોને લીધે, માનની વૃંદમાં બિભિત્સ કે અનીતીનાં ફટાણાં ગવાયાં નથી. પણ ઇશ્વર સ્તવન અને નીતીનાં બીજાં માંગલ્ય ગીતોની તો ધુમ્પ મચી રહી હતી. વળી નાચ, તમાસા કે વરઘોડામાં વ્યર્થ ખર્ચ કરયો નહીં. કેમકે તેથી પૈસાનો દુરૂપયોગ થવાનું સુમતિબાઇ અને

પ્રધાન સત્યસિંધુની ધારણામાં હતું નહીં. તેથી તરફો પૈસો નિરાશ્રિતોના ફંડમાં કે બીજાં પરોપકારના કામમાં વાપર્યાં. તથા પંડીતોની સભા કરીને તેમાં જે વધારે વિદ્વાન જણાયા, તેમને યોગ્ય ઇનામ અને શિરપાવ આપ્યા, વળી વિદ્યા વૃદ્ધિના કામમાં ઘટતી મદદ કરી. એવી રીતે વિવાહ કામથી પરવારીને સોકો પોત પોતાનો ધર્મ આચરવા લાગ્યાં.—**અનિતિનું ત્રિપ્રિત પરિણામ** એક વખત દૈવ યોગે જીવાજી મહારાજે તાલુકાના મનરુત પુરમાં મુકામ કર્યો હતો, ત્યાં લોભીદાસ કરીને એક વાણીઓ કે જે તે ગામનો તલાટી હતો તેની મૂલાકાત થઇ. એ વાણીઓ તે ગામની જમાબંધી વસુલ કરી સરકારમાં ભરતો, પણ તેની ત્રાસ જનક રીતીથી પ્રજાને ઘણું ખમવુ પડતું. કોઇ વખત ઉપરી સાહેબની દુર નજરથી સરકારના પૈસા પણ ઉચાપત કરી જતો, અને પ્રજાને જેમ લુટાય તેમ લુંટતો. આવા જુલમી અને દુષ્ટ વાણીઆને એક કુમતીબાઇ કરીને ઘણી નિરલજ પણ ઈંદ્રવારણા સરખી દેખાવડી પુત્રી હતી. કમ નશીબે જીવાજી મહારાજની નજર તે કુટિલ સ્ત્રી તરફ જવાથી તેના દેખાવડા ગાત્રથી તે મોહ પામ્યો. અને તેનું ચંચળ મન સ્ત્રીના ભાવમાં બંધાઇ ગયું જેથી મહારાજ પોતે પોતાનો ધરમ ભુલી ગયા, અને લોભીદાસ તથા કુમતીબાઇની ગીગતામાં ફસાઇ પડયા. તેમણે લોભીદાસને પોતાનો પ્રધાન નીમીને તેની પુત્રી સાથે છાના લગ્નની ગાંઠ બાંધી. પ્રધાનપ

ન્યસિંધુને રજા મળવાથી તેમણે પોતાના હોદ્દાનું રાજીના મુ આપ્યું અને મહારાજાનાં પવિત્ર પત્નિ સુમતિબાઈ પણ રીસાઈને પોતાના પીતાને ઘેર જઈને રહ્યાં વળી તેમની સાથે તેમના અંગથી ઉપજેલાં સંતાનો પણ મહારાજાનું કમન ભાળીને મોસાળના આશ્રમે રહ્યાં—હવે જીવાજી મહારાજનો ગૃહસ્થાશ્રમ તથા દેહગામ તાલુકાનો રાજ્ય વહીવટ કેવા પ્રકારે ચાલ્યો તેનો કેટલોક મુખ્ય શારાંસ વાંચનાર મીત્રોની હજુર મુકવાની ઇચ્છા રાખું છું—જે પુરૂષ નિરલજ સ્ત્રીના ફંદમાં ફસાય છે તે પુરૂષ પોતાનો પરમ એવો જે ધરમ તે ખોઈ બેસે છે, અને ભ્રષ્ટતાને પામી પાપનાં કામ કરવા પ્રવર્ત થાય છે; તેમજ જીવાજી મહારાજ એ કુમતિબાઈના સંબંધથી ધરમ ભ્રષ્ટ થયો અને પોતાનું સત્ય, દયા, અને ડહાપણ એ સરવે વિસરી ગયો, તથા કેવળ વિષયાંધ બની જઈને પોતાની રાજમાં પ્રજાને શું દુઃખ છે, કીંવા અધિકારીઓ પોતાના કામમાં બરોબર લક્ષ આપે છે કે નહીં તે બાબતનું પુરતુ ધ્યાન તે રાખી શકયો નહી. તેથી જયાં ત્યાં ગરબડાટ ચાલી રહ્યી. પ્રધાન લોભીદાસ આ વખતે પોતાનો ખરો શક વરતાવવા લાગ્યો, તેણે પ્રજા ઉપર ભિન ભિન પ્રકારના વેરા નાંખ્યા, તથા મેહેસુલમાં વધારો કરીને ગરીબ પ્રજાને જે તે વાતે લુટીને પોતાનું ઘર ભરવા લાગ્યો. કૂમતીબાઈએ મહારાજાને ઊંધી ઊંધી સલાહ આપીને રાજ્ય ખરચથી જે કુળવણી અ

ને વહીવટીય ખાતાં ચાલતાં હતાં તે સઘળાં બંધ કરા-
વ્યાં, તથા તેને બદલે નાટક, ભાંડ ભવાઈ, અને નાચ
રંગમાં લાખો રૂપીઆનું વ્યર્થ ખરચ કરાવીને પ્રજાની
નિતીમાં બીગાડ કરયો. તે સ્ત્રી મહારાજાને અનેક દુર
વ્યસનમાં ચકચુર રાખતી અને તે હમેશાં જારી રાખ
વાની ભલામણ કરતી. રાજા કોઈ દિવસ વિદ્વાનોની
સભા ભરીને તેમની સાથે દલીલથી વાદ વિવાદ કરતો તે
ટેવ એ દુષ્ટ સ્ત્રીએ છોડાવી, જેથી તેના દરબારમાં સા
રા સારા પંડીતોની પુજા રહી નહી, અને સઘળા એક
આરે ગણાવા લાગ્યા. તેઓ, તેની સકિરતી જેવી વખા
રી હતી તેવીજ રીતે તેનાં ભુંડા આચરણને લીધે વખો
ડીને તેનો નાશ કરવા લાગ્યા. એથી જીવાજી મહારાજે
પ્રધાન લોભીદાસની સલાહથી તેમની આજીવીકાઓ પ
ડાવી લઈને પોતાના દરબારમાંથી તેમને રજા આપી. પં
ડીતોએ મળીને મહારાજાને વિનય પુરવક જણાવ્યું કે
ઓ દયાળુ મહારાજા, આપના-નેક આશ્રય નિચે અમે ઘ
ણાં વરષથી અહિં વસીએ છીએ, તે આપની પવિત્ર રા
જ નિતીએજ અમને પાળ્યા હતા, તથા આપની નિરમળ
મતીએજ અમને અહીંઆં આશ્રમ આપ્યો હતો, તે
આજ અમારા દુરભાગ્યને લીધે કદાપી અમને આશ્ર
મ ભંગ કરશો તો આપ મુખતિયાર છો, અમે તે હુકમ
માથે ચઢાવીએ છીએ, પરંતુ અમારા વિદાય થયા પેહેલાં
આપના ખાધેલા નીમકની અસરથી અમોને આપને મા

રે પણા સંતાપ પામ છે, જેથી કૃપા કરી ઇશ્વર પાસે મા ગીએ છીએ કે—હે અખિલ બ્રહ્માંડના નિયંતા પ્રભુ, અ મ જે મહારાજાના રાજ્યમાં આજ સુધી આશ્રમ પામ્યા છીએ, તેને તું સદા સુખી રાખજે, તથા તેનું ભલુ કર જે, તેમના લોભ મોહ આદી દુરગુણી શત્રુઓનો તું નાશ કરજે, અને કુમતિ કાપીને સુમતિ આપજે.—એ ટલું કહેતામાં તો પ્રધાન લોભીદાસનો મિજાજ હાથમાં રહયો નહીં; અને કુમતીબાઇ પણ કોપ્યાં, તણે મહા રાજાને કહ્યું કે આવા પેટ ભરા પંડીતો આપણે અહીં શું કામના છે! તેમના વગર આપણે શું ચાલતુ નથી! તે આપણને શું મદદ કરનાર છે! ઉલટા પોથાં પોથાં વાંચી વંચાવીને વેડ઼ગી બનાવી દે છે, અને મારૂ તથા મારા બાપનું ભુંડું ઇચ્છે છે, માટે તેમને તો અત્યારે ને અત્યારે કેદ કરવા જોઇએ. જીવાજી મહારા-જનું પોતાની સ્ત્રી પાસે કાંઇ ચાલતું નહી, તેમ તેમની પાસે કોઇ સમજુ સલાહકાર હતો નહી, તેથી સ્ત્રીનું કહે વું ઘણે દરજજે પાર પડતું, તે આ વખતે પાર પડયા વગર રહ્યું નહીં, અને સઘળા પંડીતોને એ નિરલજ સ્ત્રી એ કેદ કરાવ્યા. ત્યાર પછી થોડા દીવસ તો રગડ દગડ ઠીક ચાલ્યું પણ મહરાજ સ્ત્રી વશ હોવાથી ઘણો મોજી લો થઇ ગયો, રાજ કાજમાં સઘળે અંધેર ચાલવા માં ડયુ, ન્યાય કે ઇન્સાફ રહયો નહી. તેથી પ્રજા બધી દુખ નો પોકાર કરવા લગી, પણ તે દુખની દાદ કોઇ સાં

ભજનાર હતું નહીં, એ મહારાજાને કુમતીબાઇથી છ સંતાન પ્રગટ થયાં હતાં, તે પણ વંસ બોળુ નીકળ્યાં, તેમાં કોઇ તેમને સુખકર નિવડયું નહીં. એ છ સંતાનોમાં ત્રણ પુત્ર, અને ત્રણ પુત્રીઓ હતી. પુત્રનું નામ મોહાંધરાય, મદાંધરાય, અને કામાંધરાય હતું તથા પુત્રીઓનું નામ,—દૂશણી, વિલક્ષણી, અને કુલક્ષણી હતું એ સંતાનો પોત પોતાના નામના જેવાજ ગુણવાળાં હતાં, એટલે તે સંબંધી વધારે કહેવાનું નથી. હવે તે એવા નઠારા ગુણવાળા શાથી થયાં તેનું મુખ્ય કારણ જાણવાની વાંચનારને ઈતેજારી થાય એમ સ્વભાવીક છે, તો તે વિષે હું ખુલાસો કરૂં છું.—એ કુમતિબાઇથી ઉપજેલાં છએ સંતાનો મુળથીજ અનિતીમાં ઉછરીને મોટાં થયાં, અને મોટાં થયાં ત્યાં સુધીમાં તેમને જે કેળવણી કે જ્ઞાન આપવું જોઇએ, તે બીલકુલ અપાયું નહીં; તથા જુઠાં લાડ લડાવીને તેમને ગોડે ચડાવ્યાં, જેથી મોટપણે તે પોતાના મા બાપને પત કરવા લાગ્યાં નહી. જીવાજી મહારાજાએ તેમને ભણાવવા સારૂ એક મેહેતાજીને રાખવાનો વિચાર કર્યો હતો, પણ અનિતીબાઇએ તેમ કરવાની સાફ ના પાડી, ને કહ્યું જે—મારાં લાડવાયાં છોકરાં એ મેહેતાજીની ધાકે અડધાં થઇ જાય. બળ્યું એ ભણવું! મોટાં થશે ત્યારે ઘણાંએ ભણશે? અને નહી ભણે તો મહીં શું થઇ જશે! વળી પુત્રીઓને ભણાવવાનું કહોછો, એ તમારી બુદ્ધી તે કેવી કેહેવાય; તે બીચારીને એ લ

મણાકુટ થાને જોઇએ; મોટી થઇને એને સાસરે જશે; ત્યાં તેને ઘણુંએ કરવાનું છે, આપણે ઘેર રહે ત્યાં સુધી તો તે સુખમાં રહે, સાસરે જશે ત્યાં કંઇ મા માથે હાથ ફેરવવાની છે, માટે મારે તો એ ગીથપા કડાકુટમાં એ છોકરાંને નાખવાં નથી, એ ખાઇ પીને રમતાં ફરે; એમનું નસીબ કાંઇ વેચી ખાધુ છે, એવા એવા દાખલા આપીને જીવાજી મહારાજનો વિચાર રદ કરચો, જેથી સંતાનો ઉત્તરોત્તર બગાડવા લાગ્યાં. પ્રથમ તો પોતાના મા બાપનાં ભુંડાં આચરણની તે નકલ કરતા શીખ્યા, અને ધીમેધીમે તે પોતાના નામનીયોગ્યતા સુધી પોહોચી ગયાં છેવટે એ છએ સંતાનો જીવાજી મહારાજના ખરેખરા શત્રુ જેવા થઇ પડયાં, પુત્રો બાપના બોલને તિરસ્કાર કરવા લાગ્યા, તથા બાપની મેળવેલી પ્રતિષ્ટા ઉપર પાણી ફેરવવા લાગ્યા; તેમનાથી દેહગામ તાલુકાની યોગ્ય વ્યવસ્થા જળવાઇ શકી નહી, અને જયાં ત્યાં ફિતુર અને બંડ સળગવા લાગ્યાં. મોહાંધરાયે બાપનો મળવેલો પૈસો સરવે નાચ રંગમાં ઉડાવી દીધો; મદાંધરાયે, પ્રજાના વાંક ગુનાનો વિચાર ન કરતાં તેમને નાહક પીડા કરીને પીતાના દયાળુ નામને કલંક લગાડયુ; અને કામાંધરાયે, પ્રજાના સ્ત્રી વરગ ઉપર પીતુ પ્રેમ ન રાખતાં વિષયાંધ બનીને તેમની મરયાદા ઉપર હાથ નાંખ્યા, તથી જન વરગમાં ઘણીજ અપકીર્તિ ફેલાઇ ને સૌ તેમનું અહિત ઇચ્છવા લાગ્યા. માતાની લાડ ઘેહેલી પુત્રીઓનું સાસરે હાડકુ

નમ્યું નહીં અને મોટા નાનાનો વિવેક ન રાખતાં સ્વછંદ પણે વરતવા લાગી. તે પોતાના પતિ સાથેની વર્તણુકથી કેવળ અજાણ હોવાથી તેમની યોગ્ય મરયાદા તે રાખી શકી નહીં. તેમજ તે પોતાના પતિ ઘરમાં ઉલટી રીત આચરવા લાગી. સાસુ સસરાની આમન્યા કે વચન પાળે નહી, પોતાના ઘર કામની વ્યવસ્થા કે રસોઇ કરતાં આવડે નહીં. ફક્ત તેમનામાં અંગ સા નીક આવડત જોવામાં આવતી તેથી જીવાજી મહારાજ ની આ ગનસ્વી પુત્રીઓથી સાસરાની ગંભીર પરતંત્ર તા ઉપાડી શકાઇ નહીં. માટે ત્યાંથી એ કુળહીણ પુત્રી ઓ નાશીને પોતાના બાપને ઘેર આવી ત્યાં તેમની અ જ્ઞાન માતાએ સારો સત્કાર કરયો અને ઘણોજ પ્યાર જણાવ્યો પણ તેમની અયોગ્ય ચાલને માટે ઠપકો કે શીખામણ કાંઇ આપ્યું નહીં, ઉલટી સાસરે સમાસ કરીને રહેવાની વૃતી ઉઠી જાય એવી તે સલાહ આપવા લાગી. એવી રીતે તે કુપુત્રીઓ સદા બાપને ઘેર રેહેવા થી તેના નિરભાગી પીતાને જે દુઃખને વિટંબણા વેઠવી પડી; તેની તો કાંઇ સીમાજ નથી. દેવશ્રીબાઇ હમેશાં મહારા જનો કુટુંબ કંકાસ કરાતે અને સાચા જુઠા કરીને સં જાંપી વર્ગમાં સઘળે વેર બંધાવ્યું કોઇ દિવસ તેનું મુ ખ આનંદમાં હોય તેમ દેખાતું નહીં. અને વિલક્ષણી બાઇ તો કેવળ ઢંગ વગરના હતાં, ઘડીમાં પોતાના મા તા પીતાને યોગ્ય ઠામથી સ્તુતી કરે, અને ઘડીમાં તે મ

શા શોકસાગરમાં જંપલાવા જેવાં કામ કરતી, એટલે તે
ના તરફથી પણ મહારાજને સંતોષ થવા જેવું હતું ન
હીં. વળી કુલક્ષણીબાઈનામાં તો કાંઈ કહેવાનુંજ બાકી
નહતું. પેહેલી બેના કરતાં આ પુત્રીનો સ્વભાવ છેક ની
ચ હતો, તેણે પોતાની કુટેવોથી બાપનું નામ બોળ્યું,
આહારે કોસબમાં તે પુગી હતી એટલે જુઠ, ચોરી,
દગો, અન્યાય, વગેરે મલીન દુર્ગુણો તેનામાં પુરે પુરા
ભરેલા હતા, તેથી જીવાજી મહારાજને એ કુલટા પુત્રી
એક અંગારા રૂપ થઈ પડી. કારણ કે તેના ખરાબ આ
ચરણોથી તે દીન પ્રતીદીન દગ્ધ થતો, અમુઝાતો, ને પ
સ્તાવો કરતો કેમકે તેની વૃદ્ધ અવસ્થા પાસે આવી હ
તી, અને કપુત સંતાનોથી તેને ઠરવા પણ હતું નહીં;
પુત્રીઓની હૈયાશગડી તેને દરરોજ બાળી નાખતી, પ
ણ કુમતીબાઈ પ્રત્યે તેનું કાંઈ પણ ઉપજી સકતું નહીં,
એટલે તે બાબત તે તેને કંઈ કહી શકતો નહીં. ફકત
પોતાના મનમાં બળી બળીને અડધો થઈ જતો, એમ
શોક કરતાં કરતાં તેનું શરીર છેક નિર્બળ થઈ ગયું.
નાના પ્રકારના વ્યાધીઓ તેને પીડા કરવા લાગ્યા; પણ
છ છોકરાંમાં કોઈ તેની ચાકરી કે બરદાસ ઉઠાવતું ન
હીં, અને તેની પ્રીય પત્ની પણ આ વખતે દુઃખમાં
ભાગ લેવાને બદલે ઉલટી સંતાપી વધારે દુખી કરતી
અંતે જીવાજી મહારાજની દશાતો છેક બેહાલ, થઈ ગ
ઈ, તેમના તાલુકામા ભીલ, કોળી, અને પીંડારા આદી

જુલમી લુંટારા લુંટ કરવા લાગ્યા, તેથી દેહેગામ તાલુ
કો છેક ખાખા વીખી થઈ ગયો, અને મહારાજાને આ
ગરદમ દુઃખના વાદળે ઘેરી લીધો. જે પુરૂષ તુચ્છ ભો
ગનો ગુલામ થઈ સ્ત્રી વશ થઈ જાયછે અને જેને નીચ
જ સ્ત્રી મળી હોય છે તેના એવા ભોગ મળે છે એ સદ
ધળા પુરૂષ મીત્રોએ યાદ રાખવું જોઈએ અંત તે છત્રા
જી મહારાજ મહા દુખ સાગરમાં ડુબતાં ડુબતાં વિચાર
કરવા લાગ્યો જે મને આ દુષ્ટ સ્ત્રી મળવાથી અ
ને તેના ફોકટ ફંદમાં ફસાવાથી આજે મારી તથા મા
રા તાલુકાની ઘણીજ દુર દશા થઈ છે. મારા સાચા સ
લાહકાર•પંડીતોને એ પાપણી સ્ત્રીએ વગર વાંકે કેદ
કરાવ્યા છે. વળી તેના સંબંધથી મારા પરમ સુખેચ્છક
એવાં સગાં વાહાલાંને મેં હાથે કરીને તજ્યાં છે. અને
લોભી વાણીઆની નીચ સોબતથી મેં હાથે ચઢેલું સ
ત્ય રત્ન ખોઈ નાંખ્યું છે. ટુંકામાં મેં સરવે સુખ ખો
યું છે. હવે કાંઈ બાકી નથી. આજે મારી પ્રિય પત્નિ
સુમતિ જો હોય તો મારી આવી દશા થાય નહીં. મા
રો વાહાલો કુંવર ધીરવિરરાય આજે મને કેટલો મદ
દગાર હોત, મને પડતાં દુઃખમાં કેટલી બધી ધીરજ આ
પત, પણ હિણ ભાગ્ય મારાં જે મને ઊંધી અક્કલ સુ
ઝી. અને કુટી કુમતિનો વગર વિચારે સંબંધ બાંધ્યો.
તેણુ મને કુછંદમાં આંધળો કરી નાંખ્યો. તેથી હું મા
રાં વાહાલાંની સંભાળ લઈ શકયો નથી. ઓ ઈશ્વર!

હવે ઘણી થઈ! ઘણી વિતી!! અને ઘણાં ખાસડાં ખા ધાં!!! માટે મુજ ગરીબ ઉપર દયા કરીને હવે મારાં સા ચાં સગાંનો મેળાપ મને વેળાસર કરાવો, કે જેથી હું દુઃખથી રીબાતો બચું! એમ જીવાજી મહારાજ દુખથી ઘણી ઘણી રીતે પસ્તાવો કરવા લાગ્યો. પછી કેટલેક દહા ડે સુમતિબાઈને પોતાના પ્રિય ભારથારનું દુઃખ જાણવા માં આવ્યું તથા તે પોતાને ચા'ય છે એમ સાબિત થ યું. તે ઉપરથી તે પોતાનાં છએ સંતાનોને લેઈને પતિ ની ઘટતી સેવા કરવાને માટે પાછાં દેહગામ તાલુકામાં આવ્યાં. એ તેમને આવ્યાની વાત કુટીલ કુમતિના સાં ભળવામાં આવી કે તરતજ તે પોતાના દુષ્ટ સંતાનોને ઈને ત્યાંથી પલાયન કરી ગઈ. તેણે દેહગામ તાલુકાની સઘળી રાજ્ય લક્ષ્મિ લુંટી લગડીને પોતાના પતિના સુખનો પાચો પડ મુળથી તોડી પાડ્યો. તેથી મહા પા પમાં પડી. તેના જવાથી જીવાજી મહારાજના સુખનો ફરી ઉદય થવા લાગ્યો. સુમતિબાઈએ પોતાના દુઃખી પતિની આછી સેવા બજાવીને તેમને લાગુ પડતાં ઓસ ડ વેસડ કર્યાં; કે જેથી તે રોગથી જલદી મુકત થયો. તે સ્ત્રી તેમને દુઃખમાં દિલાસો અને સુખમાં શાન્તિ આપ- તિ હતી. સાચી સલાહકાર પણ તેજ હતી. કુમતિબા ઈના કુટંબથી દેહગામ તાલુકાની જે અવ્યવસ્થા થઈ હતી, તે તેણે યોગ્ય ઉપાયે સુધારી આબાદ કરી. પછી જીવાજી મહારાજે તાલુકાનો રાજ વહિવટ પુરવે જેમ

હતો તેમ ચલાવવાની પવિત્ર ગોઠવણ કરી. પ્રધાન પદ
પાછું સત્યસિંધુએ અંગીકૃત કર્યું. તે મહારાજાને ધર
મને રસ્તે ચઢાવવાની સારી સલાહ આપવા લાગ્યો. પં
ડિતવાન પંડિતોને કારાગ્રહથી મુક્ત કરીને તેમની લીધે
લી આજીવિકાઓ તેમને પાછી આપી. મહારાજાના આ
ગ્યા પાળક પુત્રો પણ પોત પોતાનો અધિકાર સ્વહસ્તે
લેઇને પોતાનું કામ ઉમંગથી કરવા લાગ્યા. અને પોતા
ની લાયકીથી પિતાની વૃદ્ધાવસ્થા આનંદમાં કઢાવી.
એ તેમણે લીધેલી ઉત્તમ કેળવણીનુંજ ફળ જાણવું. સુ
મતીબાઇનાં છએ સંતાનો મહારાજાને ખરાં આશ્રય ભૂ
ત હતાં, અને તેમના વડેજ તે આખર દશામાં મહાસુ
ખ પામ્યા. એ સદ્ગુણી સ્ત્રીએ મહારાજાની ધરમ નિ
ષ્ઠા વધારી, દાન પુન્યનો ઉત્તમ રસ્તો બતાવ્યો, તથા અ
ધરમ, અવિવેક, અને અનાચાર, તજાવીને સદાચરણથી
ચાલવાની ઉત્તમ ફરજ શિખવી. જેથી જીવાજી મહારા
જ, પોતે પોતાની છેલી અવસ્થામાં એ સુપાત્ર સ્ત્રીથી
ઘણું ઊંચું જ્ઞાન મેળવી શક્યા. અને તે વડે પોતાની
સત્ય કિર્તિનાં કિર્ણ કદી ઝાંખાં ન થાય, તેવાં ધાર્મિક કા
મ તેમણે કર્યાં. અને અંતે એ સુખી જોડું આ સંસા
રમાંથી પોતાનો જેઇ હેતુ પાર પાડીને કરતાની હજુર
પહોચ્યું, અને ત્યાં તે અચળ સુખ પામ્યું.—**ભાવાર્થ**
ઉપરના જીવાજી મહારાજના ગૃહસ્થાશ્રમનો રમુજી પણ
બોધક ઇતિહાસ વાંચવાથી વાંચનાર સજ્જનોના સમ-

જણાવામાં આવ્યું તો હશે કે સદગુણી અને સુપાત્ર સ્ત્રી
ના પવિત્ર સબંધથી પુરૂષ મિત્ર કેવા ભાગ્યશાળી નીવડે
છે? તથા તેથી આ સંસાર સાગરમાં પોતાનું વ્યવહા-
રીક નાવ કેવી સરળ રીતે હંકારીને તે કિનારે પોહોચે છે?
તે, તથા એ પવિત્ર સંબંધથી ઉત્પન થએલાં નિતીમાન
સંતાનો તેમને જીંદગીની મુસાફરીમાં કેવું આરામ ચે
ન આપે છે? તે, અને કુપાત્ર સ્ત્રીથી પુરૂષ મીત્ર કેવો
ભાગ્ય હીન થાય છે? કેટલું દુઃખ પામે છે? અને કેટલાં
દુરાચરણ આચરે છે. તે તથા આ સંસાર સાગરમાં તેમ
નું વ્યવહારીક નાવ તોફાની પવનોના ઝપાટાથી ડામા
ડોળ થઇને તે અધવચ કેવું ડુબી જાય છે? તે, વળી
સંતાનોને જુઠા લાડ લડાવીને અભણ કે મુરખ રાખ-
વાથી તે મોટપણે કેટલાં દુખ ઉપજાવનાર થઈ પડે છે?
તે, તથા મનુષ જાતને સારી અગર માઠી મતિ રાખવા
થી તેના દેહ રૂપ તાલુકાને કેટલું જોખમ કે લાભ પ્રા
પ્ત થાય છે. તે તે સરવે હકીકતનો સારાંશ પુરૂષ અને
સ્ત્રીમાત્રે સમજી ગ્રહણ કરવો જોઈએ, કારણકે એ જે સ
મજવું તે બન્ને મિત્રને લાભ કરતા, સુખ કરતા અને
યોગ કરતા છે.

प्रस्ताविक सद्पदेश

"लडने शिखामण"

(જ્ઞાન માને નહીં સો ફેરા સમજાવું તોય શું થાય એ રાગ)

મન મુરખરે દુર્લભ મનુષ્યા દેહ ફરી નહીં આવે, ટેક
શું! કહું તુજને, વાર વાર એ હિરો હાથ ન આવે,
નહીં હિરો હાથ ચઢે જાતાં, નવ લાવે ખોળ ખરી ધાતાં,
પસ્તાશો ખોટ ખરી ખાતાં,—મન મુરખરે. ૧
શું! વ્યર્થ ખુઓ વેળા સારી, શું! પ્યાર કરો જો પરનારિ,
શું! નિર્લજ થઈ રમવું જારી. મન મુરખરે ૨
શું! તન મન ધનનો ગર્વ કરો, શું! ગુપ્ત પણે પરવિત્ત હરો;
શું! ઈશ્વરથી જરિએ ન ડરો. મન મુરખરે ૩
શું! લોભ કરી લખ લુટ કરો, જન મિત્ર તણા પ્રિય પ્રાણ હરો;
દિલ માંહી દયા નવ લેશ ધરો. મન મુરખરે ૪
શું! પરણાવો બાળક નાનાં, તે સુખ કરે તમને શાનાં;
પણ દુઃખ દાવાનળ દેવાનાં, મન મુરખરે. ૫
શું! તન તનીયા મુરખ રાખો, શુભ વિદ્યા અમૃત નવ ચાખો;
શું! બ્રષ્ટપણે ભુંડું ભાખો, મન મુરખરે. ૬
શું! પુત્રીના પુર દામ લહો, શું! તેથી શ્રીમંતાઈ ચહો;
કુણ રાય થયો મુજનેજ કહો. મન મુરખરે. ૭
કંઈ રાય હતા તે રંક થયા, કંઈ રંક ઘણા ઉચળીજ ગયા;
કંઈ લેતાંમાં લપટાઈ ગયા. મન મુરખરે. ૮
શું! પેટ ભરા થઈ પાપ ભરો, શું! નામ વડુ બદનામ કરો;
શું! ભકિત પ્રભુની પરહરો, મન મુરખરે. ૯
કે' અંબાશંકર શુભ વાણી, સો ચેતીને ચાલો પ્રાણી;
જીવ જાતાં પાસે ધુળ પાણી. મન મુરખરે. ૧૦

कपटीनी सोबत विशे

મનહર છંદ

કપટી કુટીલ જન કપટનાં કામ કરી, ઝપટમાં આવે તે
ને જાન થકી મારસે;
કરે મિત્રાચારી સુખ કારિ નહી દુઃખ કારિ,
ભોળા ભરમાઇ તને ખરો મિત્ર ધારશે. ૧
પેશિ પેટમાંહિ પછી રૂપનો વિસ્તાર કરે,
આપો આપ નિજ બળ આપ ઓળખાવશે;
કહે અંબાશંકર તે સત્ય માનો બાળ મીત્ર,
કપટિનો સંગ મહા દુઃખ ઉપજાવશે.

कामि विषे.

મનાહર છંદ

કામિ નહીં નામિ જેના ભ્રષ્ટ મતિ વ્યાપિ રહી,
અંધતણો અંધ બની, ફરે કુવિચારમાં;
કામિ નહીં કામા જેની સુમતિવિરામ પામી,
કુમતિ કુસંગ મન ભમે વ્યભિચારમાં. ૧
કામિ તણો સંગ નહીં ઢંગ વિના નિભિ શકે;
નિભેતો કુટીલજન તેના જેવા કરશે;
કહે અંબાશંકર તે સત્ય માનો બાળ મિત્ર,
કામિ તણો સંગ કદિ સુખદ નહીં દિસે. ૨

बाळकनी ईश्वर प्रतेनी स्तुती

(અમે ઈશ્વર માગીએ એટલું, એ રાગ। ટેક
અરે વિશ્વ પતિ પ્રિય વિઠલા, દિન સેવકના પ્રતિપાળ;
રાખીને સંભાળ, નિભાવો છો બાળને. અમો વિદ્યા વિના
દિ બાળકો, તુજ પાય પડી જોડી હાથ; પુરા પ્રેમ સા
થ, નમી એવું જાચીએ. ૧
આપો શુભ મતિ અતિ શામળા, આપો સંત સમાગમ
નિત; તેથી રહે પ્રિત, એવું અમે જાચીએ. ૨
આપો સેવના માત પિતા તણી, આપો ગુરૂપદ નામિએ
શિષ; રૂડી મતિ ઈશ, નમિ એવું જાચીએ. ૩
આપો કષ્ટ નિવારણુ કામના, આપો મિત્ર સુમિત્ર સદાય;
જેની મળે સહાય, નમિ એવું જાચીએ. ૪
આપો ધર્મ ધિરજ અને નિનતા, આપો શીળ સંતોષ
હમેશ, દયા પરમેશ, નમિ એવું જાચીએ. ૫
આપો સંપ જંપ સૌ સાથથી, આપો વિદ્યા કળા ને વિ
વેક, જેથી રહે ટેક, નામ એવું જાચીએ. ૬
આપો જ્ઞાન ધ્યાન તમ ભાકતનું, આપો અંતરમાંહી ઉ
જાશ, જેથી ટળે ત્રાસ, નામ એવું જાચીએ. ૭
અંબાશંકર એવું વિનવે, તમ દાસ તણા અપરાધ;
તજો શો અગાધ, નમિ એવું જાચીએ. ૮

॥ ग्रंथ समाप्त इश्वर स्तुती ॥

શારદુલ વિક્રીડીત વ્રત.

આપો શાંત વિચાર સાર હરિજી તૃષ્ણા નદીમાં વહેયો;

મોહરૂપો દુષ્ટ પ્રપંચ રંચ સૌમાં, પાકો ફસી હું રહયો;
દેખાડો સતસંગ રંગ ચટકો, કૃપા કરી હે ધણી;
તૃષ્ણાંની તુલના મને સમપણે, દેજો કૃપાથી હણી. ૧
દાતા દીન દયાળ સુજનને, તૃષ્ણા તું ભકિત વિશે;
વાધે નિત્ય પરા સુભકિત સબળી, હૈયે સદા તું દિશે;
ખાડા ખાઈ ખચોચિયા નડતળો, નાસે અનીતી તણાં;
એવા તૃષ્ણ તુરંગ રંગ નિરમો, સદભકિત મધે ઘણાં. ૨
સંસારે સુભ ધરમમાં વરતિએ, એ આશા દેજો હરી;
વિદ્યા રંગ પ્રસંગની ઘટી તજે, તે તૃષ્ણ ફાવે ખરી;
માઠા માર્ગ થકી જન તુચ્છ મનની, તૃષ્ણા તજાવો સદા;
સંતોષો સમભાગમાં ગણિ લઊં, એ ત્રષ્ણ દ્યો સર્વદા. ૩

शिखरिणी वृत्त.

વધારી વાધે છે અગણિત અતી ત્રષ્ણ જબરી!
સમાળો એ રાપા ચિત કુચિત વાયે નહિ ફરી;
જહાં જેવું ફાવે ઘટિત પટ મધ્ય ચિદ્દઘના;
તહાં તેવી ત્રષ્ણા જડિ કરી હરો નિવિટમના. ૪

દોહરો.

જગ ત્રાતા નિત આપજો, જ્ઞાન દાન કલ્યાણ;
સદ્મતિ સ્થાપો સુખકરા, નર નારિ લે જાંણ. ૧
ગરૂવા ગુર્જર દેશમાં, જ્ઞાનદિપક કરનાર;
ઓ પ્રભુ તમ ચરણે નમું, દનમાં વાર હજાર. ૨

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે મીત્રોને ખબર આપવામાં આવે છે કે નિચે લખેલાં પુસ્તકોની જેને જરૂર હોય તો તે સાહેબોએ આ નીચે સહી કરનાર તરફથી મંગાવી લેવાં. કીમત આસનમાં જણાવી છે.

પુસ્તકોનું નામ.	કીમત.
નીતિધર્મ દર્પણ.	૦—૫—૦
સોગીવિયોગ વિરહ.	૦—૧—૦
જ્ઞાનદિપક.	૦—૮—૦
ગાયકવાડી રાજ્યનો પ્રશ્નોતર ઇતીહાસ	૦—૩—૬
ગુર્જરી અર્વાચીન ઇતિહાસ, (છપાય છે).	૦—૮—૦
શ્રી કુષ્ણદર્શક નાટક. (છપાય છે).	૦—૮—૦

દેશાવરના ગ્રાહકોને ટપાલ ખરચ જુદે પડશે.

લી૦

અંબાશંકર કાળીદાસ યાજ્ઞીક.

પુ. પ્ર. કર્તા.